
અહો રાવજી સુણિયે



કરસનદાસ માણેક

અહો રાયજી, સુણિયે !

અહો રાયજી, સુણિયે !

કરસનદાસ માણેક

સી. શાંતિલાલની કંપની
બુ ક સે લ ર્સ પ બ્લિ શ ર્સ
૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨

જાનેવારી ૧૯૪૫
આવૃત્તિ પહેલી

મૂલ્ય
અઢી રૂપિયા

પ્રકાશક : શાંતિલાલ પંચોળી : સી. શાંતિલાલની કંપની;
બુકસેલર્સ–પબ્લિશર્સ : ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ ૨.
મુદ્રક : શંકુલાલ જેઠાલાલ વ્યાસ :
સ્વાશ્રય મુદ્રણાલય, સૌરાષ્ટ્ર રોડ, રાણપુર

મુ. અમૃતલાલ શેઠને

શ્રી કરસનદાસ માણેકની કૃતિઓ

પ્રગટ થએલ

· કાવ્ય ·

ખાખનાં પોયણાં

આલબેલ

વૈશંપાયનની વાણી (સંગ્રહ પહેલો)

" (સંગ્રહ બીજો)

મહોબતને માંડવે

· નવલિકાસંગ્રહ ·

માલિની

· પ્રકીર્ણ ·

આઝાદીની યજ્ઞજ્વાલા

કળીઓ અને કુસુમો

પ્રકાશનાં પગલાં

· અનુવાદો ·

મુક્તધારા

બે બાળનાટકો

હવે પછી

વિદાય અને બીજાં કાવ્યો (કાવ્ય)

પ્રતિમા (નવલકથા)

ચિત્રલેખા (જાસૂસકથા)

મધુરજની (નવલિકાસંગ્રહ)

ભાવનાની ભીતરમાં (નાટિકાસંગ્રહ)

રેખાચિત્રો (સાહિત્યના પચ્ચીસ જ્યોતિર્ધરોના)

આર્યાવર્તનો લોકનાયક—શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર

સિંધની પાંચ પ્રેમકથાઓ !

પ્રસ્તાવના

૧૯૨૨–૨૩માં હું ગૂજરાત વિદ્યાપીઠનો વિદ્યાર્થી હતો. અમદાવાદમાં, નદીપાર, આગાખાનના બંગલામાં,–જ્યાં તે વખતે મહાવિદ્યાલય બેસતું–થયેલ એક વિદ્યાલય–સમારંભમાં મેં મારું પહેલું આખ્યાન માણભટ્ટની શૈલીમાં રચીને સંભળાવ્યું.

એ આખ્યાનનું નામ ડાયરોપાખ્યાન. એના ફક્ત ચાર કડવાં જ સમારંભના દિવસ સુધી લખાયાં હતાં–પરંતુ સ્વ. કસ્તુરબા, સરદાર પટેલ, સ્વ. આચાર્ય ગિદવાણી, કાકાસાહેબ કાલેલકર વગેરે જેમાં હતા, એવા શ્રોતાવૃન્દને હસાવી હસાવીને ઢગલો કર્યાની ધન્ય ઘડીનું એ સ્મરણ, આજ લગભગ બે દાયકાઓ પછી યે, મારા મનમાં જેવું ને તેવું જ છે.

આખ્યાનની શરૂઆત આ પ્રમાણે હતી. દ્વાપર યુગમાં કંસના ત્રાસથી પીડાઈ રહેલી પૃથ્વીની વહારે ધાવાની વિનતિ શ્રી વિષ્ણુને કરવા માટે નારદ વૈકુંઠ પહોંચે છે....મુનિની વ્યગ્રતા એટલી બધી છે કે પહોંચતાવેંત તે પૃથ્વીની વેદના પ્રભુ પાસે ગાવા માંડે છે. એમને અંતરે પ્રતીતિ છે કે ધરતીને માથે દુઃખના આટઆટલાં ઝાડવાં ઊગ્યાં છે એ વાત મારે મોંએ સાંભળતાંવેંત ભગવાન, 'ગરુડ ક્યાં ? ગરુડ ક્યાં ?' કરતા'કને ઊભા થઇ જશે !

પણ પરિણામ ધાર્યા કરતાં ઊલટું જ આવે છે. નારદના મુખે વસુધાના વીતકોનું વર્ણન સાંભળીને શ્રી વિષ્ણુ હસી પડે છે. નારદને ક્રોધ ચડે છે. એ શાપ દેવા તૈયાર થઈ જાય છે.

ભગવાન એમને હૂંડા પાડે છે–કહે છે :

ત્રિગુણરહિત નારદ, તમે
હરવો ઘટે ન કોપ:
કારણ કંઈ જાણ્યા વિના
શેં મૂકો આરોપ ?
અધર્મ ધરણીમાં વધ્યો
નીરખી વ્યાકુળ આપ;
પણ મુનિવર નવ માનશો
કે ઓછો મુજ સંતાપ !

કારણ ?

ભગવાન સમજાવે છે: દ્વાપરનો આ ત્રાસ તો કશા વિસાતમાં નથી. કળિકાળ તો હજુ હવે આવવાનો છે; અને તમે અત્યારથી જ આટલા બધા કંપી ઊઠયા ! અરે, આજથી લગભગ પાંચેક હજાર વરસો પછી, કળિકાળમાં, ડાયર કરીને એક ઉત્પન્ન થશે, અને એ ડાયર ધરતીને એવું દુઃખ દેશે......

કે ડગમગશે ડુંગર દુઃખે
ધરા ધ્રૂજશે ધીર;
સાતે સાયર ઊલટશે
ફરશે આભા ફાધર !

અરે, કળિકાળના એ ડાયરને હાથે ધરતી જે દુઃખ વેઠશે......

એ દુઃખનો નારદ નથી,
આ દુઃખ સોમો ભાગ !

અને આ જ્ઞાનપ્રકાશથી ટાઢા પડી ગયેલ નારદ નમ્રભાવે શ્રી વિષ્ણુને પૂછે છે :

.........નાથ કવણ ડાયર કહો !
જન્મશે ક્યાં નાદાન, ક્યારે, ને કયા દેશમાં ?

અને પછી 'વિષ્ણુ ઉવાચ' !

*

૧૯૪૦ સુધીમાં, ડાયરોપાખ્યાનના આ ચાર કડવાં એટલું જ મારું આ દિશાનું સર્જન. (આજે એ ચાર કડવાં પણ સળંગ મને યાદ નથી!)

પણ ૪૦–૪૧ના સંધિકાળમાં, એક દિવસે, પરદેશથી તાજેતરમાં જ પાછા ફરેલ મુરબ્બી શ્રી. અમૃતલાલભાઈને મળવા હું 'જન્મભૂમિ'ની ઑફિસમાં ગયો.

"'જન્મભૂમિ'ને માટે એકાદ કૉલમ હાસ્યરસનો દરરોજ લખો ને" તેમણે કહ્યું. ૧૯૨૫માં હું તેમના "સૌરાષ્ટ્ર"માં હતો ત્યારથી પત્રકારત્વના મારા શોખથી તેઓ પરિચિત હતા.

મેં શરૂ કર્યું. પહેલી જ કૉલમ એમ. એન. રૉય. વિષે લખી. રૉયનું 'રાય' કરી, પાછળ 'જી' અને આગળ 'અહો'નું સંબોધન મૂક્યું...

અને એમ જૂના "અહો રાયજી સુણિયે" ઉપર હું તદ્દન નવી અને વિચિત્ર રીતે આવી ગયો.

પણ આ 'અહો રાયજી સુણિયે'ના શીર્ષક તળે લખાયેલ પહેલા બે લેખો ગદ્યમાં જ હતા–પદ્યમાં નહિ!

પણ મુ. અમૃતલાલભાઇને પદ્યનો ભારે શોખ! એટલે મારા મુદ્દાને અનુરૂપ ચાર પાંચ કડીઓ એ લખે–આબાદ માણભટ્ટની શૈલીમાં. અને એ લખાણો એ રીતે 'જન્મભૂમિ'માં પ્રગટ થાય. મને કહે; "અહો રાયજી લખીએ એટલે કંક તો પદ્યમાં લખવું જ જોઇએ ને!..."

"ત્યારે તમે કહેતા હો તો હું તો આખી કૉલમ જ પદ્યમાં લખી આપું." મેં કહ્યું.

"તો લખો ને મારા ભાઈ!"

અને એમ નૂતન જન્મેજય અને નૂતન વશંપાયનનો જન્મ થયો...

પત્રકારત્વનો આ નવીન પ્રકાર સફળ અને લોકપ્રિય થયો...એટલે એનો જશ લેવા હું તૈયાર જ છું; પણ એનો ખરો યશ તો મુ. શેઠને

જવો જોઈએ કે જેમણે, તે વખતે તદ્દન નવા એવા આ પ્રકારને, એમાં રહેલી શકયતાઓના બીજો સમજીને, દૈનિક પત્રમાં દાખલ કરવાનું સાહસ ખેડયું...પત્રકારત્વની બાબત નવનવોન્મેષશાલિની એમની પ્રતિભા એ સાહસ ખેડે નહિ, અને 'વૈશંપાયનની વાણી' કે 'અહો રાયજી સુણીએ' જેવા પ્રકારો અસ્તિત્વમાં આવે નહિ.

પુસ્તકાકારે એમાંથી કેટલીક કૃતિઓ આજે પ્રગટ થાય છે તે વખતે, એ કૃતિઓ લખાતી જતી હતી તે દરમ્યાન, બીજારોપણથી માંડીને છેવટની પ્રસૂતિ સુધીની બધીયે ભૂમિકાઓમાં, મારા મિત્ર, માર્ગદર્શક અને મંત્રદાતા બની રહેલ શ્રી. રવિભાઈ અને શ્રી દિલીપ કોઠારીનું સાભાર સ્મરણ મારે કરવું જ જોઇએ.

અને પ્રો. મણિયાર તો ભૂલાય એમ જ કયાં છે? આ રહ્યો એમનો 'પ્રવેશક'–જે આખ્યાનોના આનંદને સંપૂર્ણપણે લેવા ઇચ્છનારાઓએ, એકવાર નહિ પરંતુ બે વાર વાંચવો પડશેઃ પુસ્તક શરૂ કરતાં પહેલાં...અને પુસ્તક પૂરું કર્યા પછી.

અને શ્રી. જીવનલાલ જાની. એ ન હોય, તો આ પુસ્તકનુ મુદ્રણ આટલું સ્વચ્છ, સુઘડ અને શુદ્ધ રીતે થયું ન હોય...મારી કૃતિઓ અને મારા પ્રત્યેના અંગત પ્રેમને લઇને એમણે ઉઠાવેલ એ તદ્દન નિઃસ્વાર્થ પરિશ્રમ બદલ એમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

કરસનદાસ માણેક

૨૫૪૯૨

પ્રવેશક

સાહિત્યના ઉચ્ચ શિખર જેવી કવિતાકલા અને તળેટી જેવું પત્રકારત્વ—બન્નેમાં, સાહિત્યના ક્ષેત્રમાં કોઈપણ દેશમાં, કોઈપણ કાળે દુર્લભ એવી એક સિદ્ધિ શ્રી. માણેકે મેળવી છે. કવિ–વાર્તાકાર તરીકે સુવિખ્યાત અને વૈશંપાયન તરીકે લોકપ્રિય એવા શ્રી માણેકે કીર્તિ અને લોકપ્રિયતા એવી બે વઢકણી શૌકયોને એક જ જીવનમાં, એક જ જના-નામાં શ્રીકૃષ્ણની કુશળતાથી સાચવી રાખી છે. એક મિત્રે કહેલો પ્રસંગ યાદ આવે છે. શ્રી માણેક, કવિ તરીકે સારી ખ્યાતિ મેળવી, કરાંચીથી મુંબઈ, અમદાવાદ વગેરે ગામોના પ્રવાસે નીકળેલા. એટલું કહેવું જરૂરી છે કે શ્રી માણેક એક લેખક કવિ હોવા ઉપરાંત એક અચ્છા મિત્ર છે એટલે એને જ્યાં–ત્યાં બેપાંચ મિત્રો તો હોય જ. એક મિત્રને ત્યાં એ ઊતર્યા અને એ મિત્ર એને ગામમાં ફૂલેકે ફેરવવા, એને દેખાડવા નીકળ્યા. રસ્તે કોઈ સજ્જન મળે તો એ મિત્ર એને માણેકની ઓળખાણ કરાવતાં કહેતા: 'આ કરસનદાસ માણેક!'

નિષ્ફળ ગયેલી Joke–મજાકની માફક, સજ્જનના મોઢાંની રેખા-ઓમાં કાંઈ ફેરફાર થયો નહિ. મિત્ર વધુ પ્રકાશ ફેંકી બોલતા, 'કાવ્યસંગ્રહ "આલબેલ"ના આ લેખક!'

સજ્જનના જ્ઞાનમાં ખાસ અભિવૃદ્ધિ થઈ હોય એમ લાગ્યું નહિ, છતાં વિવેક ખાતર કૃત્રિમ સ્મિતથી હોઠ મરડી બોલ્યા: "હા; હા. એમ કે!"

પછી મિત્રે કહ્યું: ''જન્મભૂમિ'માં નિયમિત રીતે 'વૈશંપાયનની વાણી', 'અહો રાયજી સુણીએ' વગેરે લખે છે તે તમે વાંચતા હશો.'

અચાનક હર્ષના આવેગથી સજ્જનનું મોં આનંદથી ઝળકી ઊઠયું અને સાક્ષાત્ માણેકને જોઈ જાણે એટલા આભા બની ગયા કે પૂજ્યભાવમાં કદાચ માણેકને અસલી વૈશંપાયન ઋષિ સમજી, એની ચરણરજ લઈ હમણાં જ માથે ચડાવશે !

આ પ્રસંગ એક લાક્ષણિક પ્રસંગ છે માટે જ મેં અહીં કહ્યો. કારણ, શ્રી માણેકને 'આલબેલ'ના લેખક તરીકે ઓળખનારની સંખ્યા એને વૈશંપાયન તરીકે ઓળખનારની સંખ્યાના હિસાબે હજારગણી વધારે છે. એથી એવું કહેવાનો આશય નથી કે માણેકને કવિ તરીકે ઓળખનારા કમ છે....પણ, ગૂજરાતમાં કે કોઈપણ દેશમાં, કવિતાના વાંચનારા કેટલા ? ધારો કે એ બધાય માણેકને વાંચે તોય કેટલી સંખ્યા થાય ?

અને, વર્તમાનપત્રો વાંચનારની સંખ્યા કેટલી ? ગણી ગણાય નહિ એટલી...તેમાંય, વર્તમાનપત્ર પૈસા ખરચી વાંચનાર કરતાં મફતમાં વાંચનારની સંખ્યા બહુ જ મોટી હોય છે—ખાસ કરીને ગૂજરાતમાં ! જેટલા જેટલા 'જન્મભૂમિ' વાંચે તેટલા તેટલા શ્રી માણેકને ઓળખે, એટલું જ નહિ, પણ એકાદ વાચને એના આશક બની જાય છે; અને, એ બધાય આશકો શ્રી માણેકે પોતાના તૈયાર રાખેલા 'મહોબતના માંડવા'માં હંમેશને માટે આવી બેસી જાય છે !

થોડા વર્ષો પૂર્વે ગૂજરાતી સાહિત્ય પરિષદ્ના પ્રમુખસ્થાનેથી ગાંધીજીએ સાહિત્યકારોને સલાહ આપી હતી કે 'આમ જનતા તરફ પીઠ ફેરવી, કેવળ વિદ્વદ્ભોગ્ય સાહિત્ય સર્જો મા. તમારું સાહિત્ય આમ જનતા પાસે લઈ જાવ.'

એક છેડે વિદ્વાન સાહિત્યકારો અને બીજે છેડે અજ્ઞાન કે અલ્પજ્ઞાન આમ જનતા; આવી વિડંબણા દરેક દેશમાં હોય છે. સાહિત્યકારો કેવળ ગણતર સુશિક્ષિત વ્યક્તિઓ માટે જ સાહિત્યસર્જન કરતા હોય એમ, આમ જનતા સમજી શકે એવું સાહિત્યસર્જન કરવામાં પોતાની લઘુતા કે માનહાનિ સમજે છે. પરિણામે, આમ જનતા જે પૌષ્ટિક,

અપૌષ્ટિક હાથમાં આવે તે વાંચે છે. વિદ્વાન સાહિત્યકારો પર્વતની ટોચ પર ઊભા રહી વાક્પ્રવાહ છોડે છે; આમ જનતા ગરદન મરડી, કાન માંડી સાંભળવા પ્રયત્ન કરે છે પણ આખરે હારી જાય છે, એટલે તળેટીમાં જે કોઇ રામલીલા કે ભવાઇના તુક્કાઓ ચાલે છે એ તરફ નજર અને કાન માંડે છે. આથી આમ જનતાનો સાહિત્ય વિષયક રસ કોઇ કાળે ઉચ્ચ થતો નથી. આમ જનતાને ખરા સાહિત્યથી વંચિત રાખી, એનો રસ હલકો છે એ ફરિયાદ કરવી નકામી છે. ઇંગ્લૅન્ડ, યુરોપ, અમેરિકામાં ભલે કવિતા વાંચનારાઓની સંખ્યા બહુ નહિ વધી હોય, છતાંય આ રીતે જ એનામાં વાચકોની સંખ્યા અને વાચકોની રસવૃત્તિ નિઃસંદેહ ઊંચી આવી છે. ગૂજરાતી ભાષામાં આ પ્રયોગ 'જન્મભૂમિ', 'પ્રજાબંધુ', 'ફૂલછાબ' વગેરે પત્રોએ શરૂ કર્યો એનું પરિણામ નિઃસંદેહ શુભ જ આવ્યું છે. એ પ્રયોગના જ પરિણામ રૂપે શ્રી માણેકને વૈશંપાયન રૂપે અવતાર લેવો પડયો.

અંગ્રેજીમાં એક ઉક્તિ છે કે પત્રકારત્વ એ અડધું સાહિત્ય છે–Journalism is half literature પણ મોટે ભાગે એવું બને છે કે પત્રકારત્વનું "અડધું" સાહિત્ય લખનારા 'અડધું' જ સાહિત્ય લખી શકે એવા હોય છે.

પણ શ્રી માણેક તો એવી શંકાથી પર છે. શ્રી માણેકે કવિતા, વાર્તા, નિબંધો, નાટકો વગેરે 'આખા' સાહિત્યનું સર્જન સફળતાથી કર્યું છે અને આમ લોકભોગ્ય 'અડધાં' સાહિત્યનું પણ સર્જન કર્યું. એટલે એટલું નિર્વિવાદ છે કે શ્રી માણેક સહેજે થયેલા બાવા બ્રહ્મચારી નથી પણ ભેખ લઇ નીકળી પડેલા ભર્તૃહરિ છે!

હવે એનું "અડધું સાહિત્ય", અહો રાયજી! સુણીએ......

આખ્યાનોની વિવિધતા કેટલી છે! રેંટિયાબારસ–માહાત્મ્ય, પ્રભુના ચોરો, આઠવલે આખ્યાન, મહિલાશલ્ય મુંબઇ, વિષ્ણુ–પત્રકાર સંવાદ, કામ–વિલાપ, સ્ટેલિન આખ્યાન.

આ સાત આખ્યેોનામાં પહેલી વિષયોની વિવિધતા તરફ નજર

ખેંચાય છે. એમાં રાજકીય, સામાજિક, અને ધાર્મિક વિષયો આવી ગયા. પત્રકારત્વના ધંધામાં આજ સવારનું રાંધેલું કોઇ સાંજે ન ખાય, અને કાલનું વાસી બીજે દિવસે કૂતરાં પણ ન સૂંઘે એવી સ્થિતિમાં, રોજ-બ-રોજ તંત્રીના ટેબલે બેસી, તાજા બનાવમાંથી કાંઇક વીણી કાઢી, કાંઇક તુક્કો ઉપજાવી કાઢવો એ અતિ મુશ્કેલ કામ છે. એના મુકાબલે કોઇ પણ તાજા બનાવ ઉપર નોંધ કે અગ્રલેખ લખવો સહેલી વાત છે. આમાં તો તાજા પ્રસંગમાંથી કેવળ ઘટના કે વિચારનું બીજ ઉપાડી લઇ એની માવજત તો કળાની દૃષ્ટિએ કરવાની હોય છે, એટલે કામ એવું કપરું બન્યું કે લગભગ જે ક્ષણિક છે એને ધરાર કળાના જોરે શાશ્વત બનાવવું છે. આ પ્રયોગ બધાના હાથે સફળ થતો નથી. દરેક દેશના સાહિત્યમાં કોઇ કવિજીવ કે નવલકથાકાર વર્તમાનપત્રની કટારમાંથી ઘટના લઇ એના પર કળાની ઇમારત ચણે છે. પણ કમભાગ્યે ઇમારતની અનવદ્ય સુંદરતા અને કળામયતા હોવા છતાં જ્યાં પાયો જ ક્ષણભંગુર છે ત્યાં સર્જકની પ્રતિભા એ કૃતિને જિવાડી શકતી નથી. ઘટના ભુલાવા સાથે એના પર રચેલી કૃતિ પર ભુલાય છે. મખમલ પર કરેલું જરીકામ ટકે પણ જર્જરિત મસોતા પર કરેલા જરીકામને, આવી પ્રસંગોપાત્ત, પ્રસંગ-અધીન સાહિત્યકૃતિઓ જેટલી જ જીવવાની સંભાવના છે. 'નવીનો'માં (news) પણ ક્ષણિક તત્ત્વો સાથે શાશ્વત તત્ત્વો છુપાયેલાં હોય છે ત્યારે એવો એકાદ પ્રસંગ લઇ શ્રી માણેક એને આખ્યાનમાં ગોઠવી દે છે. એ ઘટના, વિચાર કે વ્યક્તિ રાજકીય, સામાજિક કે ધાર્મિક દૃષ્ટિથી શ્રી માણેકના તાવડામાં તળાય છે, અને શ્રી માણેક એને એની બુદ્ધિના ચીપિયાથી પકડી, હાસ્યના તવેથાથી બન્ને બાજુ નિર્દયતાથી ઉથલાવી બહાર કાઢે છે !

ચમકારો, નવીનતા, તાજગી, અને હાસ્યના વિવિધ પ્રકારો—આ શ્રી માણેકનાં આખ્યાનોનાં મુખ્ય લક્ષણો ગણાવી શકાય. બે લીટી વાંચો ને તમને કાંઇક ચમકારો ન લાગે તો એ વૈશંપાયન નહિ; પાનું ફેરવો અને વિષય તરફ જોવાની દૃષ્ટિની નવીનતા અને તાજગી ન દેખાય તો

એ વૈશંપાયન નહિ; ચાર લીટી પહેલાં અરીસામાં મોં જોઈ રાખવું અને ચાર લીટી વાંચ્યા પછી ફરી અરીસામાં મોં જોવાથી કાંઈ અસાધારણ ફેર ન જણાય તો એ વૈશંપાયનની વાણી નહિ ! શ્રી માણેક એક પાકા પત્રકાર છે; એ જાણે છે કે પત્રકારની કળા કે કારીગીરીમાં જો પત્રકારનો કોઈ મોટામાં મોટો દુશ્મન હોય તો તે બગાસું ! એનું લખેલું વાંચતાં જો વાચકને બગાસું આવ્યું તો સાકરનો ગાંગડો તો શું પણ રોટલાનો કટકોય ભવિષ્યમાં પત્રકારના મોંમાં કોઈ આવી મૂકશે નહિ ! પ્રાસંગિક વસ્તુ લઈ એમાંથી કાંઈક ટકી રહી શકે એવું સર્જવું છે અને તે પણ હાસ્યરસમાં–એવી નેમ ધારણ કરી શ્રી માણેક બરનાર્ડ શૉના જેવા માનનારા થયા કે માણસને જો સમજાવી શકાય તો કેવળ એને હસાવીને જ. હસતાં હસતાં આપેલો ઠપકો પણ માણસ સાંખી લ્યે છે અને સીધી રીતે આપેલા બોધનો વિરોધ કરે છે. માણસને હસાવી મોઢું ખોલાવવું અને મોઢું ખૂલે કે તરત એ તકનો લાભ લઈ તમે ગમે તે અંદર ઘુસાડી દ્યો તો માણસ લાચારીથી બધું ગળી જશે ! હસતાં ઠપકો આપવાના બે ફાયદા છે—એક તો જો બધું સવળું ગયું તો સારી વાત છે, નહિ તો, "હું તો હસતો'તો" કહી હેમખેમ છૂટી જવાય છે ! હાસ્યરસ બધા રસોમાં સૌથી વધુ Democratic છે. આમ જનતા જોડે વાત કરવી હોય, એની જોડે કામ લેવું હોય તો બની શકે કેવળ હાસ્યરસથી. હું તમારી જોડે હસીને વાત કરું છું ત્યારે તમને વિશ્વાસ આવે છે કે હું તમને તુચ્છ નથી ગણતો કે હું મારી જાતને બડેખાં નથી સમજતો. હું તમને એ જ વાત ગંભીરતાથી, સ્થિર અવાજે, અને ભારેખમ મોંએ કરીશ તો ઉચ્ચનીચનો ભેદ જરૂર દાખલ થવાનો; એથી જ, હાસ્યરસ આમ જનતાને પહોંચવાનું એકમાત્ર સાધન છે. હાસ્યના ઘણા પ્રકારો છે—આપણી ભાષામાં એના સૂક્ષ્મ ભેદો બતાવવા જેટલા શબ્દો પણ નથી—ઠઠ્ઠામશ્કરી, કટાક્ષ, મજાક, વક્રોક્તિ, ઉપહાસ, વગેરે. આ બધા પ્રકારો શ્રી માણેકે અનાયાસે અને સફળતાથી આ આખ્યાનોમાં અજમાવ્યા છે. એનાં ઉદાહરણો, આપણે પ્રસંગ આવતાં જોઈશું.

આ આખ્યાનોની કલ્પના-રચનાથી માંડી એની ભાષા સુધી એનું અંગેઅંગ હાસ્યથી ભરપૂર છે. પહેલાં તો વૈશંપાયન ઋષિ, જનમેજય રાજા, નારદમુનિ, કૃષ્ણભગવાન વગેરે આપણા જમાનામાં બનતા રોજ-રોજના બનાવોથી જાણે જાણકાર હોય એવી કલ્પનામાં જ હાસ્યદૃષ્ટિ છે. કાંઇક અન્યાય કે કાંઇક અગવડ થતાં, જેમ ધારાસભામાં સવાલ પુછાય એમ સ્વર્ગમાં સવાલો પુછાય છે અને એના સત્તાવાર જવાબો અપાય છે! ખરી રીતે જોતાં પુરાણોએ આ જટિલ પ્રશ્નોની વિચારણા જટિલ રીતે નહિ કરતાં, સવાલ-જવાબના રૂપે કરી છે એમાં પણ ઔચિત્ય છે. કારણ, વેદોના વાચક વિદ્વાન હતા, પણ પુરાણોના વાંચનારા પંડિત નહોતા. માટે જ જટિલ પ્રશ્નોને સવાલ-જવાબ રૂપે સરળ બનાવી સામાન્ય જનતા માટે બુદ્ધિગમ્ય બનાવ્યા. પુરાણોની આ નિરુપણપદ્ધતિ શ્રી માણેકે એટલા જ ઔચિત્યથી ઉપયોગમાં લીધી છે. કારણ કે શ્રી માણેકને પણ વિદ્વાનો કે પંડિતો જોડે વાદ નથી કરવાનો, પણ આમવર્ગને પોતાનું વક્તવ્ય પહોંચાડવું છે. છતાંય આમાં પોતાની બુદ્ધિનો ઘમંડ કે લોકોની બુદ્ધિની ઉપેક્ષા નથી.

આ આખ્યાનોની લોકપ્રિયતાનું કારણ પુરાણોની નિરુપણપદ્ધતિનો આધુનિક રીતે કરાયેલો ઉપયોગ છે. આ નિરુપણપદ્ધતિ એક વખત શોધ્યા પછી-એટલે કે પસંદ કર્યા પછી-શ્રી માણેકનું કામ સરળ બને છે. કોઈ પણ રાજકીય, સામાજિક, કે ધાર્મિક પ્રશ્ન ઉપર શંકા થાય ત્યારે એ જન્મેજયના મોઢામાં મૂકી, નિવારણ માટે વૈશંપાયન પાસે લઈ જાય, અથવા તો બરાબર પુરાણોની જ ઢબ પ્રમાણે ઋષિઓને જ હાથ જોડાવી શ્રી વિષ્ણુ પાસે લઈ જાય. જવાનું સ્થળ, જનાર વ્યક્તિઓ, રદિયો આપનાર વ્યક્તિ-બધાં એક જ રહ્યાં; કેવળ પ્રશ્નો જ આધુનિક 'સળગતા' પ્રશ્નો બની ગયા! એમાં પણ કેટલી સૂક્ષ્મ હાસ્યદૃષ્ટિ છે! વિષ્ણુ, નારદ, જન્મેજય, વૈશંપાયન વગેરે ને ગાંધી, ઝીણા, સ્ટેલિન, ચર્ચિલ, રેશનિંગ, આડવલે વગેરેની પણ માહિતી હોય!...કારણ, ગમે તેમ, ઈશ્વર અને ઋષિઓ તો ત્રિકાળજ્ઞાની ખરા ને!

કોઈ પણ રીતે લોકોને હસાવવા-જો લખવાથી નહિ તો છેવટ ઊંધે માથે લટકીને પણ હસાવવા એ જ આ આખ્યાનોનો આશય નથી. હાસ્ય તો સાધન છે, સાધ્ય બીજું છે. આ આખ્યાનો લખી સરકસના ડાગળાની માફક કોઈ પણ રીતે લોકોને હસાવવા છે એવો હલકો વ્યવહારુ આશય આમાં નથી. દરેક આખ્યાન પાછળ ચોક્કસ કૃતિ, વિચાર ને ગંભીર હેતુ હોય છે. પ્રહસનની છોળોમાં શ્રી માણેક કાંઈ ગંભીર વિચાર મૂકી દે છે. ઘણે ભાગે આ વિચાર રાજકારણમાંથી ઉદ્ભવેલો હોય છે. એમાં રાજકારણનો કોઈ પ્રશ્ન કે કોઈ વ્યક્તિ હોય છે. અંગ્રેજી સાહિત્યમાં આવું રાજકીય પત્રકારત્વ સોએક વર્ષોથી ઘણું ખીલ્યું છે, જેમાં ઠેકડી અને ઉપહાસને એટલો અવકાશ રહે છે કે એ સાહિત્ય મટી અંગત વેરની તૃપ્તિનું સાધન બની જાય છે. આ સાતે આખ્યાનો વાંચ્યા પછી આપણને જરૂર લાગશે કે શ્રી માણેક રાજકારણમાંથી વ્યક્તિઓ અને વિચારો ઉપર પ્રહારો કરે છે, છતાં એમાં દ્વેષ, કટુતા કે સંકુચિતતાનો પ્રવેશ થવા દેતા નથી.

રેંટિયાબારસ–માહાત્મ્ય પુરાણની નિરુપણપદ્ધતિ અનુસાર યોજાયેલું છે. બરાબર એ જ પ્રમાણે કડવાંઓના વિભાગો, સ્તુતિ, ઊથલો, અને વિષ્ણુ ઉવાચ આવે છે, વસ્તુ પ્રાસંગિક છે. એટલેંટિક ચાર્ટર હિંદને લાગુ નથી પડતો એવી જાહેરાત ચર્ચિલને મોંએથી સાંભળતાંવેંત ઋષિઓ શ્રી વિષ્ણુ પાસે એ બાબત ફરિયાદ કરવા જાય છે. ખરી રીતે જોતાં એ ફરિયાદ આપણામાંનાં કેટલાક લોકોની જ હતી કે એટલેંટિક ચાર્ટર જો હિંદને લાગુ નહિ પડે તો હિંદને સ્વતંત્રતા નહિ મળે. આ માટે વિરોધનાં લખાણો, ઠરાવો, ભાષણો વગેરે થવા લાગ્યાં અને વાત છેક અમેરિકાના પ્રમુખ સુધી પહોંચાડવી અને એટલેંટિક ચાર્ટર હિન્દને લાગુ પડાવી હિંદને સ્વતંત્ર કરવું એવી પ્રવૃત્તિ શરૂ થઈ. આ પાંગળી નિર્વીય દેશભક્તિ અને સ્વાતંત્ર્યપ્રીતિ પાછળનું મૂર્ખાઈનું તત્ત્વ એક ચપળ હાસ્યકારની કુશાગ્ર દૃષ્ટિથી શ્રી માણેક પકડી પાડે છે અને પ્રાસંગિક લાગતા પ્રસંગમાંથી એક ચિરંતન તત્ત્વજ્ઞાન તારવી રજૂ કરે છે (જે એક કળાકારની કારીગીરીથી એણે શ્રી વિષ્ણુના મોંમાં મૂક્યું છે) કે મુક્તિ કોઈની દીધી

કોઈને મળતી નથી; અને કદાચ મળે તો ટકી શકિત નથી. આ એક મહાન સત્યની આપણા સમાજના કેટલાક પાંગળા, પરાધીન, પારકી આશા પર જીવનારા લોકોને યાદ આપવાની ખાસ જરૂર હતી. મુક્તિ અરજી કરવાથી નહિ મળે, મુક્તિ યુદ્ધ કરીને જ મળે છે. મુક્તિ હાથજોડી, શિર નમાવી, શાસનકર્તાઓ પાસે પૂંછડી પટપટાવ્યે નથી મળતી, પણ ન આપવાની દાનતવાળા લોકોના હાથમાંથી ઝૂંટવી લેવાની હોય છે. આ સત્યની યાદ આપવી જરૂરી હતી અને એ કામ શ્રી. માણેકે પુરાણ–પદ્ધતિથી ચાબુકના ફટકા મારી હસતે મોઢે કર્યું. પણ હજી આ વાતની રજુઆતનો અંત આવ્યો નથી. જો આટલેથી જ શ્રી માણેક અટકી ગયા હોત તો પણ એક સુંદર કૃતિ થાત; પણ એમાં રોગના નિદાન સાથે એનો ઉપચાર ન બતાવ્યો હોત તો કેવળ ફિલસૂફના જેવું અવ્યવહારુ તત્ત્વજ્ઞાન થાત. મુક્તિ કોઈની દીધી મળતી નથી, આપણે જ મેળવવી જોઈએ એ તત્ત્વજ્ઞાનને, શ્રી માણેક, એક જ વાતનો નિર્દેશ કરી એક વ્યવહારુ સક્રિય સત્યમાં ફેરવી નાખે છે. મુક્તિ ચર્ચિલાદિના કરુણાકટાક્ષથી નહિ, પણ મહાત્માજીએ નિર્દેશેલ કર્મયોગના અનુસરણથી જ મળશે એ આ માહાત્મ્યનો ધ્વનિ છે. ભારતને સ્વતંત્ર કરવા એક જ રાજમાર્ગ છે અને તે એ કે મહાત્માજીને અનુસરો, મહાત્માજી કહે તેમ કરો. હવે આમાં શ્રી માણેકને મહાત્માજીના કર્મયોગમાં કહી એટલી અચળ શ્રદ્ધા હોય કે નહિ (શ્રી માણેક ખાદી પહેરે છે, એકથી વધારે વાર જેલમાં જઈ આવ્યા છે–રાજદ્વારી ગુના માટે જ–વગેરે) છતાં હિંદુસ્તાનના આમવર્ગને મહાત્માજીના નેતૃત્વમાં આટલી અચળ શ્રદ્ધા છે જ એના પ્રતીકરૂપે પણ એક કુશળ પત્રકાર તરીકે એણે એ વિચાર અંતમાં દાખલ કર્યો. આખ્યાનમાં દાખલ કરેલા ધ્વનિમાં શ્રી માણેકે રચનાત્મક સૂચનો દાખલ કર્યાં છે કારણ, આ રીતે જ હિંદુસ્તાનની આમજનતા ગુલામી મનોવૃત્તિ અને પરવશતા, છોડી સ્વાશ્રયી થશે. બંગાળના રસ્તાઓ ઉપર અસંખ્ય સ્ત્રીપુરુષો અન્નના અભાવે, પેટના ખાડામાં માથું નાખી, મૂગે મોઢે મૃત્યુનો વિરોધ કર્યા વિના, લાંબા થઈ સદાને માટે સૂઈ ગયાં–એ પરવશતા, એ નિર્વીર્યતા કેટલી

હદ સુધી પહોંચી હશે એનો ખ્યાલ બે ઘડી નિરાંતે બેસી કરવા જેવો છે. 'અન્ન આપો તો ખાશું, સડેલું આપશો તો સડેલું ખાશું, સારું આપશો તો સારું ખાશું, નહિ આપો તો તમને કનડયા વિના અમે મરી જઈશું.' આવી પરાધીનતા, પરાવલંબન માટે રેંટિયાબારસ-માહાત્મ્ય વેળાસર લખાયેલું છે. આખ્યાનની રજુઆત, નિરુપણ બધું સરળ સાદું છે, છતાં આ જટિલ તત્ત્વનું સરળ ભાષ્ય આ આખ્યાન મારફત થઈ ગયું. આથી એમ પ્રતીત થાય છે કે આ આખ્યાનોનો હેતુ કેવળ લોકરંજન કે હલકો હાસ્યવિનોદ નથી. હાસ્યવિનોદ છે, લોકરંજન પણ છે, પણ સાથે, મહાત્માજીએ સૂચવ્યું તેમ, સાહિત્ય લોકોને સમજાય એવી સરળ રીતે ગંભીર વિચારો મૂકી ગયું. ગંભીર વિચારો સમગ્ર રીતે, ધ્વનિ રૂપે અને છૂટ્ટી-છવાઈ પંક્તિઓ રૂપે રજૂ થયેલા છે. આખ્યાનની અંદર પ્રસંગોપાત્ત અમુક વિચારો સચોટ રીતે સૂત્રાત્મક શૈલીએ ગોઠવી દેવામાં આવ્યા છે. દાખલા તરીકે-

માગી-ત્રાગી શણગાર સજે,
એ કહો કેટલા દિ' ચાલે ?

આખ્યાનની રજુઆતમાં અને લેખનમાં આવી વિચારકણિકાઓ, સૂત્રાત્મક શૈલીએ લખાયેલી-વેરાયેલી હોય છે. એ ઉપરાંત ઉપમાઓ અને ચોટદાર દૃષ્ટાંતો વક્તવ્યને સ્પષ્ટ કરવામાં ઘણાં ઉપકારક અને અસરકારક નીવડે છે. શ્રી માણેક કવિ છે એ આ આખ્યાન છંદમાં લખ્યું છે એ ઉપરાંત એમાં આવતી અનેક સુંદર, કવિત્વમય, તો કોઈ વાર અત્યંત ઘરગથ્થુ છતાં સુંદર એવી ઉપમાઓથી સાબિત થાય છે. દલીલો કરતાં દૃષ્ટાંતો, રૂપકો, ઉપમાઓ જરૂર પ્રમાણે નીકળ્યે જ જાય છે.

આગ તણો તણખો નાનો
દિયે બંજી ઘાસની પૂંજી !

અથવા,

આટલોક દીવડો ને આવડું અંધારું,
પણ દીવે અન્ધારું હણાય.

આઠસોંક મંત્ર ને આવડી માયા,
પણ મંત્રે માયા ડેલાય !

અથવા "આઠવલે આખ્યાન"માંથી,

કર્દમ ઉપર ક્રોધ ન કરીએ
રેતી ઉપર શેની રીસ ?

અને

પથ્થર દિલથી જલ ન દ્રવે, યદિ
નવ નીકળે નિશ્વાસ;
તો પણ સજ્જન રાખે, સજ્જન
પાસે મૌનની આશ !

આવા આવા સરળસાદા શબ્દબાંધ્યા વિચારો આખ્યાનોમાં આવે છે ત્યારે આપણા જૂના ચારણી દુહાઓ અને મુક્તકોની યાદ આવ્યા વિના રહેતી નથી.

ઉપમાઓ, દૃષ્ટાંતો, રૂપકો વગેરે કાવ્યમય અલંકારો વાપરતાં છતાં એની ભાષા ભારેખમ, કઠણ કે સમજવી ભારે થઇ પડે એવી થતી નથી. શ્રી માણેકની અન્ય કાવ્યકૃતિઓના અંગત અનુભવ પરથી હું જાણું છું કે શ્રી માણેક ધારે તો જોડણીકોશ કે સંસ્કૃત–ગૂજરાતી કોશ પાસે રાખ્યા વિના ન જ સમજી શકાય એવા અઘરા શબ્દો પણ વાપરી શકે એમ છે, છતાં, આ આખ્યાનો પૂરતી શબ્દોની એની પસંદગીનું ધોરણ જ જુદું છે. માટે જ અઘરા સંસ્કૃત તત્સમ શબ્દો છોડી બને ત્યાંસુધી તળપદા, સહેલા અને રોજિંદા શબ્દો એ વાપરે છે. આખ્યાનોમાં સંસ્કૃત શબ્દો વાપરતા જ નથી એમ નહિ, પણ એ ઠેકડી કરવા માટે– દાખલા તરીકે, "ચર્ચિલ ચીરુટપાણિ !" આમાં પાણિ સંસ્કૃત તત્સમ શબ્દ હાથના અર્થમાં વાપર્યો છે: ચર્ચિલ જેના હાથમા ચીરુટ છે તે– એ ચીરુટ–પાણિ શબ્દપ્રયોગ કેવો શોભે છે—જાણે 'બોલ્યા સારંગ–પાણિ !' શબ્દોની પસંદગી અને અલંકારોની અંદર આવતા વિચારો, કલ્પના અને ભાષાનું ધોરણ પણ કાવ્યોના ધોરણ કરતાં જુદું છે. ભાષા અને વિચારો એવા હોવા જોઇએ કે સુંદર હોવા સાથે સરળ અને સાદા જ

રહે—એ રીતે જ આખ્યાનોનો હેતુ સિદ્ધ થઇ શકે એમ છે. ઘણી જગાએ આખ્યાનોની વચ્ચે વચ્ચે વ્યવહારુ દુન્યવી ડહાપણ કે જ્ઞાન સાદા તળપદા શબ્દોમાં તળપદી રીતે ગોઠવી દેવામાં આવ્યું છે; જેમ કે,

દરીઓ ડોળે દામોદર ને,
રત્ન ખપે ખીમજીને;
ઝેર જમે જગલો, ને જલેબી
જોઈએ છે ભીમજી ને !

આપણા વર્તમાનપત્રો વાચનારાઓનો વિચાર કરો અને પછી કહો કે એ વાચકમાંના કેટલા હશે જે આ ઉખેણા જેવી ઉક્તિ સમજી ન શકે અને સમજ્યા પછી ખડખડ હસી ન પડે ? જો સમૂહમાં આનું વાચન થતું હોય તો વાંચનાર માણસ વાંચી લીધા પછી સાંભળનાર માણસ પાસે તાળી લેવા હાથ લાંબો કરતો હશે એમ પણ કલ્પી શકાય, કે બીજા શ્રોતાઓના મોઢામાંથી એકાએક 'વાહ વાહ!' નીકળી જતું હશે એમ પણ કલ્પી શકાય. ઉખેણા જેવું વ્યવહારુ જ્ઞાન છે, કચ્છી, ગૂજરાતી, કાઠિયાવાડી તળપદી ભાષાઓના શબ્દો છે અને એ બધા ઉપર હાસ્યની છાંટ છે—જાણે ચટકદાર ચિવડા ઉપર લીંબુની ધાર છોડી !

શ્રી માણેકની પ્રાસોની રમત પણ જોવા જેવી હોય છે. પંક્તિઓને અંતે પ્રાસ એટલી સ્વાભાવિકતાથી બેસી જાય છે કે એની અણધારી નવીનતા ઉપર મુગ્ધ બની જવાય છે. દાખલા તરીકે જુઓ,

ઓગસ્ટ—ઓફર ભણી આંગળી ચીંધી ઊભો થઈ ચર્ચિલ નાગો:
વહાર કરો, નાથ, હિન્દ મેદાને: હવે તો વૈકુંઠ ત્યાગો !

આમાં નાગોનો પ્રાસ ત્યાગો જોડે મેળવી કેટલી અણધારી મજા લાવી મૂકી ! પ્રાસમાંથી જ ઘણી વાર હાસ્યનો ઉદ્‌ભવ થાય છે. બીજો દાખલો,

સ્વામીનારાયણના શિખર કેરું
ઊપડયું કંચન—ઈંડું;
તે દિ'થી મેં તો પ્રભુને નામે
મૂક્યું મોઢું મીંડું !

આમાં ઊંડાનો પ્રાસ અણધારી રીતે છેક મીંડાને જઈને મળ્યો, એમાં હાસ્ય તો છે જ; છતાંય બન્ને શબ્દોના અર્થો પણ બરાબર બંધ બેસતા છે. ઊલટાના ઘરગથ્થુ વાક્યપ્રયોગ જેવા હોઈ વધુ ચોટ ઉત્પન્ન કરે છે.

અનુકમ્પા નહિ, નહિ આર્દ્રતા, નહિ અકબંધ ઊર્મિનું તંત્ર,
હોય ઊંચે બેસવે બેસી હાંકયે રાખે-ગુરુ, આ તે કેવું બખડજંત્ર !

આ બે પંક્તિઓની અંદર શ્રી માણેકની ઘણી લાક્ષણિકતાઓ છે. પહેલી પંક્તિમાં કાંઈક વધારે અઘરા શબ્દો વપરાઈ ગયા એનું જાણે ભાન થઈ આવતાં બીજી લીટીમાં છેક કાઠિયાવાડી 'હાંકયે રાખે'માં ઊતરી પડયા અને છેવટે એ બધી વાત તંત્રનો પ્રાસ તદ્દન તળપદા બખડજંત્રથી મેળવી હસવામાં ભુલાવી દીધી.

જ્યાં પ્રાણી પગ દેતાં કંપે
ત્યાં મૂરખ ધસે ધરાર;
એ કહેવત પર આપે શું કદી
કર્યો નથી વિચાર ?

આમાં ધરાર અને વિચારની પ્રાસની ગમ્મત ઉપરાંત શ્રી. માણેકે એ સુવિખ્યાત અંગ્રેજી સુભાષિતનો ગૂજરાતી તરજૂમો કર્યો છે Fools rush in where angels fear to tread.

મને ખાતરી છે કે આપણા કેટલાક કવિઓના હાથમાં આ સુભાષિત આવી પડયું હોત અને એનું એમણે ગૂજરાતીમાં ભાષાંતર કર્યું હોત તો સામાન્ય વાચક માટે એ ભાષાંતર કરતાં મૂળ અંગ્રેજી જ સમજવું સહેલું થઈ પડત ! પણ શ્રી માણેકે એને કેટલી સાદી અને સરળ રીતે છતાંય વિચારને અકબંધ જાળવી રાખીને ગૂજરાતીમાં ઉતારી લીધું છે !

રેંટિયાબારસનો ધ્વનિ રાજકારણ તત્ત્વજ્ઞાન હતું તો બીજું આખ્યાન 'પ્રભુના ચોરો'માં શ્રી માણેકની વૈવિધ્યપૂર્ણ દૃષ્ટિ ધર્મ-વિચાર તરફ વળે છે. પ્રભુ પ્રત્યેનો શ્રી માણેકનો 'પક્ષપાત' ઘણા લોકોને એના એક કાવ્ય 'હરિનાં લોચનિયાં દીઠાં' ઉપરથી જાણીતો હશે ! શ્રી માણેકના કાવ્યસંગ્રહ

'આલબેલ'માં આવાં પ્રભુ'ભક્તિ'નાં ઘણાં કાવ્યો છે જેમાં અંધશ્રદ્ધાળુઓને શ્રી માણેક નાસ્તિક હોય એવું લાગ્યું છે. કારણકે શ્રી માણેકે એમ કહ્યું કે એક દિવસ હવેલીમાં છપ્પનભોગનાં દર્શન કરવા લોકોની ઠઠ જામી હતી. ભૂખ્યાઅધભૂખ્યા ભક્તોની ભૂખી આંખો છપ્પન ભોગ ઉપર ચોંટી હતી. ભક્તો ભૂખે મરે છે અને જે ભગવાનને એ છપ્પન ભોગનો એક કણ પણ ખપે એમ નથી એની પાસે આ અન્નનો ડુંગર ખડકયો છે એ જોઈ હરિના લોચનમાં પાણી આવ્યાં ! શ્રી માણેક ઈશ્વરમાં માને છે કે નહિ એ ચર્ચા મેં માણેક જોડે કરી નથી; કદાચ કરવા ધારું તોય, 'ઇશ્વરની વ્યાખ્યા આપો, પછી હું ઇશ્વરને માનું છું કે નહિ એ કહું' એવો અલંધ્ય પહાડ વચ્ચે ઊભો કરી એ ચર્ચા બંધ કરી દે. કાંઈ નહિ તોય, આસ્તિકો પણ, એટલું તો જરૂર કહેશે કે શ્રી માણેક ઇશ્વરને પ્રેમથી નહિ તો વેરભાવે પણ ભજે છે તો ખરા જ ! પણ, શ્રી માણેકના પ્રહારો ધર્મ કે ઇશ્વર ઉપર નથી હોતા, પણ ધર્મના નામે ચાલતા પાખંડ ઉપર ને ભગવાનને નામે મોજ ઉડાવતા પાખંડીઓ ઉપર હોય છે. શ્રી માણેકની કવિતા અને આ આખ્યાનો વાચનારના મનમાં એવી ભ્રાન્તિ થાય કે એ ભગવાનને પણ છોડતા નથી અને આ માણસ તો ભગવાનની પણ ઠેકડી કરે છે એવો ઉપરછલ્લો ભાસ થાય.

અરાજક થયું જગત, દેવ, જાગો હવે !

જગતમાં અંધાધૂંધી, અરાજકતા વ્યાપી ગઈ. ગીતામાં અર્જુન સમક્ષ વચન આપેલું કે જગતમાં જ્યારે અસત્ય અને અરાજકતા વ્યાપે છે ત્યારે 'સંભવામિ યુગે યુગે'–ત્યારે અસત્યનો અને અરાજકતાનો નાશ કરવા પ્રભુ યુગે યુગે અવતાર લે છે. શ્રી માણેક ઇશ્વરને પડકાર કરે છે કે જગતમાં હવે પાછી અરાજકતા વધી પડી છે અને હે દેવ, તમે નિરાંતે ઊંઘ્યા કરો છો–હવે જાગો !

આમાં કોઇ અંધશ્રદ્ધાળુને કે તિલકધારીને પ્રભુની ઠેકડીનો અવાજ સંભળાય તો એ માટે અલબત્ત, શ્રી માણેક જવાબદાર નથી. શ્રી માણેક ધતિંગને, પાખંડને, અંધશ્રદ્ધાને અને આંધળી ભક્તિને માનતા નથી.

શ્રી માણેકનાં આ મંતવ્યો એના કાવ્યોના વાચકો પાસે સ્પષ્ટ હતાં જ, પણ આખ્યાનોના વાચકોના સદ્ભાગ્યે થોડા વખત પહેલાં એક એવી સત્ય ઘટના બની અને એ સમાચારો છાપાંઓમાં પણ છપાયા કે શ્રી સ્વામીનારાયણના મંદિર પરથી કોઈ સોનાનું ઇંડુ ચોરી ગયું. થોડા દિવસ પછી બીજા સમાચાર પ્રસિદ્ધ થયા કે કચ્છભુજમાં આશાપુરીના મંદિરમાંથી માતાજીના આભૂષણો કોઇ ચોરી ગયું. એવાં તો અણગણ દેવો અને દેવીઓ રોજ લૂંટાતાં હશે. શિવમંદિરનાં કમાડો ઉતારી જવાના, ઠાકોરજીનાં ઘરેણાંઓ ઉતારી જવાના બનાવો દરેક ગામમાં બન્યા હોય છે. એમાંથી ઘણાઓને પ્રશ્ન ઉદ્ભવે છે કે જે ભગવાન કે માતાજી પોતાના જ મંદિરોને અને અંગના આભૂષણોને સુદ્ધાં જાળવી શકતા નથી એ ભક્તોની શું રક્ષા કરવાના હતા! શ્રી માણેક આનો લાક્ષણિક ઉત્તર આ આખ્યાન 'પ્રભુતા ચોરો'માં આપે છે. અખબારોમાં પ્રસિદ્ધ થયેલ એક પ્રાસંગિક સત્ય ઘટનાનો આધાર લઈ–કહો કે એને નિમિત્ત બનાવી–સામાજિક તત્ત્વચર્ચા ઉપર ઉતરી પડે છે. સમગ્ર રીતે જોતાં, પ્રભુની ઠેકડી કે ટીકા કરતાં એમનાં કાવ્યોનો ધ્વનિ સામાજિક અન્યાય અને અસમાનતા તરફ કટાક્ષનો જ હોય છે. આટલી ગરીબી, આટલો ભૂખમરો ને ઈશ્વરને છપ્પનભોગ! આટલી ગરીબી, કરોડો નરનારીઓ વસ્ત્ર વિના ટળવળે ને ઈશ્વરને હીરા–માણેકના આભૂષણો! ઇશ્વર કદી એવું ઇચ્છે જ નહિ! ધર્મની એવી આજ્ઞા હોય જ નહિ! એ તો ધર્મ અને ઈશ્વરના નામે પાખંડીઓ પોતાનું ઘર ભરે છે! ઇશ્વરને પણ વેચી ખાઇ જાય એવા એમના પૂજારીઓ (દેવ–મંદિરમાં થયેલી ચોરીઓમાં કેટલી બધી વખત પૂજારી જ ખરો ચોર નીકળી પડતો નથી?) ધંધાની દૃષ્ટિએ ઈશ્વરનો અને ધર્મનો ઉપયોગ કરે છે એના ઉપર શ્રી માણેકનો રોષ છે. આ રીતે જોતાં શ્રી માણેકનું દૃષ્ટિબિંદુ 'મૂર્તિભંજક' કહેવાય, ધર્મ પ્રત્યેનું એનું વલણ બળવાખોર કહેવાય. ઈશ્વર જાણે મહિમા ગાવા માટે, પ્રાર્થનાની માળા લટકાવવા માટેની એક ખીંટી હોય એમ જુનવાણી કવિઓ એનો આંધળો મહિમા ગાય છે. ધર્મના આડંબર અને ચલણી

અંધશ્રદ્ધાના દુશ્મન શ્રી માણેકને અખબારમાં પ્રસિદ્ધ થયેલ દેવમંદિરની ચોરીમાં એક રહસ્ય મળ્યું અને એ એણે આખ્યાન દ્વારા જનતા આગળ રજૂ કર્યું. બીજાં આખ્યાનોના મુકાબલે આ આખ્યાનમાં શ્રી માણેકની કવિત્વશક્તિને વધુ અવકાશ મળ્યો છે, એથી જ છાપાં માટે લખેલું આ 'અડધું' સાહિત્ય, સ્થળે સ્થળે પૂર્ણ સાહિત્ય બની જાય છે. આખ્યાનની વસ્તુસંકલના ઘણી ખૂબીથી કરેલી છે. પહેલા ભાગમાં વસ્તુની રજુઆત. બીજામાં એની છણાવટ, અને ત્રીજામાં એનો નિકાલ–એમ વ્યવસ્થિત ગૂંથણીથી આ આખ્યાન દીપી ઊઠે છે. પહેલાં સહજ સ્વાભાવિક શંકા થાય છે,

ભૂજની આશાપુરી અંબા,
ધોળે દિ'એ લૂંટાણી,
ભક્તોની શેં આશા પૂરે જ્યાં
એની જ આંખે પાણી !

સ્વામીનારાયણના મંદિર પરથી સોનાનું ઈંડું ગયું, પારસનાથનાં આભૂષણો ગયાં, છતાં

શ્રદ્ધા ભાખે : હરિ રક્ષા કરે સૌની
એ હવે કેમ મનાય ?

બીજાં આખ્યાનોની સરખામણીએ આ આખ્યાનનું વસ્તુ પાતળું અને જૂજ છે પણ સાથે બીજાં કરતાં વિશેષ જટિલ છે–તાત્કાળિક રીતે જટિલ તો ખરું જ પણ વિષય એટલો નાજૂક છે કે ધાર્મિક ભારતની ધાર્મિક ભાવના રખેને અણધારતાં દુભાય જાય એવો પણ ડગલે ને પગલે ભય ખરો, એટલે આ નાજૂક અને જટિલ પ્રશ્નની માવજત વિશેષ ચાતુરી માગી લે છે. વસ્તુને લંબાણ અને સ્પષ્ટતા આપવા શ્રી માણેકે આખ્યાનોમાં એક બીજું કાકભૂશંડીનું ઉપાખ્યાન પણ કહી નાખ્યું, અને આખરે લક્ષ્ય ઉપર આવવા ધડાકો કર્યો,

કાકભૂષંડી, તમે માનો કે ન માનો,
પણ વૈકુંઠે છે સામ્યવાદ !

કાકભૂષંડીને શું થયું એ કવિએ આપણને નથી કહ્યું, પણ વાચકની પણ કાંઇક અંશે કાકભૂષંડી જેવી જ સ્થિતિ છે ને વાચકને થાય છે કે શ્રી માણેક–

આજે લહેર છે તેથી,
ટાઢા-પહોરના હીંચે જાય !

"વૈકુંઠમાં સામ્યવાદ હતો એ એક નંબરનો ધડાકો થયો, પણ સાથે કટાક્ષનું વજ્ર એવા કેટલાક સનાતનીઓ ઉપર પડ્યું કે જે માનતા હોય છે કે દુનિયામાં એવું કાંઈ નથી જે હિંદુસ્તાનમાં પહેલાં ન હોય ! એવા લોકો હજી પણ વ્યાસપીઠ ધ્રૂજાવી નાખી કહે છે કે 'આ યુરોપ–અમેરિકાના લોકો ગર્વ કરે છે કે એણે વિમાનની શોધ કરી, પણ અમારા રામ આજથી બે હજાર વર્ષો પહેલાં પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા પધાર્યા હતા !' સાચે જ, શ્રોતાજનોની તાળીઓનો ગડગડાટ સંભળાશે. એ જ રીતે ખગોળશાસ્ત્ર, રસાયણ, વૈદક, કળા, સાહિત્ય બધામાં હિંદુસ્તાન સૌથી પહેલું હતું માટે હવે હિંદુસ્તાનને કોઇની પાસેથી કાંઈ શીખવા જેવું છે જ નહિ ! આવા ભારત–પ્રેમીઓ ઉપર શ્રી માણેક મીઠી મશ્કરી કરી કહે છે કે સમાજવાદ રશિયામાં જન્મ્યો ત્યારપહેલાં વૈકુંઠમાં હતો ! વાચકને રખેને શંકા ઉત્પન્ન થાય,

ત્રેતાયુગ કેરી કથા કહો છો આપ,
જવ થયો'તો રામાવતાર,
ગરુડને મોએ સામ્યવાદ–ચર્ચા
કેમ ગળે ઊતરે લગાર ?

આ વાત જો ગળે ન ઊતરે તો એનો ખુલાસો સાંભળો,

કાર્લમાર્ક્સ કલિયુગે ઊતર્યો તે પહેલાં,
વૈકુંઠે હતો એનો વાસો !

અને

વૈકુંઠ–વ્યવસ્થા જોઇને જ તેણે
રચ્યો પોતાનો સામ્યવાદ.

હવે શ્રી માણેકનું દૃષ્ટિબિંદુ સમજવું મુશ્કેલ નહિ પડે. ખરી ધર્મ-ભાવના કઈ? દેવમંદિરે જઈ દર્શન કરવાં, કે છપ્પન ભોગ ધરવા, કે વૈકુંઠ જેવી વ્યવસ્થા કરી લોકોને સુખી કરવાં? વૈકુંઠ એટલે શું? વૈકુંઠ મુમુક્ષોઓની સ્વર્ગની મુસાફરી તરફ જવાનું કોઈ સ્ટેશન નથી. વૈકુંઠ એક ભાવના છે—જ્યાં કોઈને અગવડ આદિ દુઃખ નથી: પછી એને વૈકુંઠ કહો કે સમાજવાદ કહો! શ્રી માણેકની દૃષ્ટિએ સમાજવાદ એ જ ખરો ધર્મ, અને ખરી ધાર્મિકતા એટલે જ સમાજવાદ. જ્યાં નાના-મોટા, ગરીબ-તવંગરનો ભેદ ન હોય, જ્યાં શોષણ ન હોય, જ્યાં દુઃખ, અન્યાય, અસમાનતા, જુલમ ન હોય. આ જ પ્રશ્નની વધુ છણાવટ શ્રી માણેકે ફરી એક બીજા આખ્યાન "વિષ્ણુ-પત્રકાર સંવાદ"માં લંબાણથી કરી છે, જેમાં વૈકુંઠના નામે શ્રી માણેકની દૃષ્ટિએ 'આદર્શ રાજ્ય' કોને કહેવાય એની ભાવના એણે રજૂ કરી છે. આ ચર્ચામાં શ્રી માણેકની ગરીબ, પીડિત, અને શોષિત જનતા તરફથી સહાનુભૂતિ, હમદર્દી સ્પષ્ટ દેખાય છે.

"ભક્તોને વીંટવા ચીથરું ન સાંપડે, ને ભૂષણ દૈ પ્હેરે ભગવાન!
કણકણ માટે મરે અહોરાત હઝારો ત્યાં પ્રભુ શેં આરોગે પકવાન?"

હજી પણ સમાજરચના, સામાજિક અન્યાયો અને દરિદ્રોના દુઃખ જોઈ ક્રોધની જ્વાળ વધુ ભભૂકી ઊઠે છે અને વાણીમાં કોઈ અજબ જોસ પ્રતીત થાય છે,

કંગાળોના ઝૂંપડાઓની ભીંતો ભાંગેલી,
સૂરજ ચંદર જેવડાં છીંડાં,
સ્વામીનારાયણના શિખર ઉપર,
પછી શેં સોહે કંચનનાં ઈંડાં!

માણસનું ઊર્મિતંત્ર એવું હોય છે કે કોઈપણ ઊર્મિના પ્રબળ ઉશ્કેરાટથી માણસની વાણી આપોઆપ કવિત્વમય અને લયમય બની જાય છે—પછી ભલે એ ઊર્મિ હોય પ્રેમ, ધિક્કાર કે ક્રોધની. પ્રબળ લાગણીઓ હોય તો ભાષા આપોઆપ પ્રબળ બની જાય છે એનું આ ઉત્તમ દૃષ્ટાંત છે..કારણ, જુસ્સાદાર વાણી ઉપરાંત આમાં અનાયાસે કવિત્વમય કલ્પના

પણ કેટલી સુંદર આવી ગઈ—ગરીબના કુબાઓમાં સૂરજચંદર જેવડાં છીંડાં છે !

દેવને કે દેવીઓને આ પસંદ નથી જ, ન હોઈ શકે. ધાનવિહોણાં છૈયાં કેરાં ધ્રુશકાં સાંભળી અંબા માતાની આંતરડી પણ બળે છે, અને બીજી બાજુએ, અનાડીઓ શિશુઓના ધાવણ લૂંટી માતાની મૂર્તિને કંચનથી મઢે છે !

આ અધર્મ, આ પાખંડ ભગવાન લાંબો વખત નહિ સાંખી લ્યે એની લેખક ચેતવણી આપે છે. દેવમંદિરોમાંથી ચોરી થાય છે ત્યારે પ્રભુ પોતે પોતાનું રક્ષણ કરવા અસમર્થ છે એમ નહિ, પણ પ્રભુ જ પોતાને હાથે એમ થવા દે છે અને પાખંડીઓને ચેતવણી આપે છે કે 'રેશમી વસ્ત્રો ને હેમ આભૂષણો દેવને દીઠાં પણ ગમતાં નથી; ભૂષણો ભડકા જેવા લાગે છે અને આરસમંદિરો અગન જેવાં લાગે છે.' માટે જ પ્રભુ બેપરવા થઈ બેઠા છે અને ગરીબોને હાથે લૂંટાય છે.

ચેતે તેને કાળજેરી ચેતવણી આપે છે
પોતે શ્રી દીનાનાથ !

આખ્યાનનો ધ્વનિ જેટલો મૌલિક તેટલો જ અર્થગંભીર છે. છતાં ક્યાંય સમાજવાદનો ઝંડો ફરકાવી, લેખક સમાજવાદનો પ્રચાર કરતા હોય એમ લાગતું નથી.

ત્રીજું આખ્યાન 'આઠવલે આખ્યાન.' મુંબઈની કોઈ એક ગલીમાં એક મરેલાં બાળકનો દેહ પોલીસને હાથ લાગે છે. પંચક્યાસ દરમ્યાન, કોરોનર આઠવલે, 'આ પાપનું પરિણામ' એવા શબ્દો ઉચ્ચારે છે. આટલું જ આ આખ્યાનનું મૂળ. શ્રી માણેકના લખાણમાં વિવિધતા ભરી છે: રાજકારણ, ધર્મ, અને હવે એ એક પ્રાસંગિક વ્યક્તિ અને બનાવ ઉપર પોતાની કલમ ચલાવે છે. આ ત્રીજો પ્રકાર સાહિત્યદૃષ્ટિએ નબળો કહેવાય—ગુણની દૃષ્ટિએ નહિ, પણ આયુષ્યની દૃષ્ટિએ. કારણ, શ્રી આઠવલે એકસો ને એક વર્ષ જીવજો, પણ એની આંખ મીંચાય, પછી

થોડા વર્ષે કેટલા લોકોને યાદ હશે કે આઠવલે એ કોણ? પ્રાસંગિક બનાવ કે વ્યક્તિ ઉપર રચાયેલી કૃતિની ખામી એ જ છે કે જેના ઉપર એ કૃતિ લખાયેલી હોય એ વ્યક્તિ કે વસ્તુ ભુલાઈ એટલે એ કૃતિની કિંમત શું? પ્રાસંગિક કુતૂહલ નષ્ટ થતાં એ કૃતિ પણ નષ્ટ થાય છે. સમાચારોની દુનિયામાં જ્યાં સવારનું રાંધેલું, ચાર વાગતાં તો કોઇ સૂંઘે પણ નહિ એવા પ્રાસંગિક બનાવોમાંથી શ્રી માણેક આટલું કાળના મોઢામાંથી બચાવી શક્યા એ ધન્યવાદને પાત્ર છે. કારણ, શ્રી માણેક હંમેશ કહે છે એમ પ્રાસંગિકને નિમિત્ત બનાવી એને માનવસ્વભાવના સનાતન સત્યો તરફ વસ્તુને વાળી લ્યે છે. બીજા આખ્યાનો જેવી જ ચટકદાર શૈલીમાં લખાયેલું આ આખ્યાન એક વ્યક્તિગત હુમલો નથી બની જતો. જો એમ હોત તો શ્રી આઠવલેએ બદનામીનો કેસ કર્યો હોત એ તો ઠીક, પણ એમાં કળાનો છાંટો પણ રહેત નહિ. આ આખ્યાનની વિશિષ્ટતા એ છે કે આમાં શ્રી માણેકના હાસ્યરસના વિવિધ પ્રકારો બહાર આવે છે. આઠવલેની પીઠ પર પહેલા જ કટાક્ષનો ચાબૂક વીંઝાયો,

એને અંતર ભ્રાન્તિ મોટી
દૃષ્ટા નિજને ગણતો !

પછી આ વક્રોક્તિ,

એક યાચ્યતા અચૂક એની
નિયમિત ગ્રહે પગાર

કટાક્ષ એથી પણ તીક્ષ્ણ અને વિસ્તૃત બને છે

રાવબહાદુરી સમજે એવી
રખાય ક્યાંથી આશા !

મૃત બાળકનો દેહ જોઈ એ પાપનું પરિણામ છે એવા ઉદ્‌ગાર કાઢનારને જ્યારે લેખક પોતાની દર્દમય વાણીમાં એ બાળકની કોઇ અભાગી માતાની સ્થિતિનું વર્ણન કરી બતાવે છે ત્યારે અંગ્રેજી કવિતાના વાચકોને ટોમસ હૂડની એક તરુણ વેશ્યા ઉપરની કવિતા જરૂર યાદ આવશે. આ પાપનું પરિણામ નથી, પણ જુઠી સામાજિક રૂઢિઓનું

પરિણામ છે: અન્યાયી, અસમાન સમાજમાં ભીંસાતી, શોષાતી કોઈ તરુણીની આર્થિક પરવશતાનું પરિણામ છે. આ સીધી દલીલ કોઈને અસર ન કરે જેટલી શ્રી માણેકે ચતુરાઈથી દાખલ કરેલી શકુન્તલાની વાત કરશે. આઠઅલેની ફૂટપટ્ટીએ માપતાં શકુંતલા પણ 'પાપનું પરિણામ' હતી, છતાં કણ્વમુનિએ એને આશ્રમમાં આણી, મોટી કરી અને એ પાપના પરિણામનો જે પુત્ર થયો (ભરત) એના ઉપરથી આ દેશનું નામ પડયું (ભારત), છતાં,

> દીઠડાહ્યા કોઈએ નવ પૂછ્યું
> કે એ પાપ તણું પરિણામ!

છરીની ધાર જેવા તીખા ઉપહાસની અંતિમ હદ હવે આવી અને ત્યાં જ શ્રી માણેક એ પ્રશ્નને પડતો મૂકે છે.

લોકપ્રિયતાની કસોટીએ કદાચ પહેલું આવે એવું શ્રી માણેકનું ચોથું આખ્યાન 'મહિલાશૂન્ય મુંબઈ' પણ એક પ્રાસંગિક પરિસ્થિતિ ઉપર રચાયેલું છે. બે ત્રણ વર્ષો પહેલાં લડાઈ અંગેની નાસભાગમાં મુંબઈ લગભગ ખાલી થઈ ગયેલું, એમાં આખું કુટુંબ ન જઈ શકે તો બૈરાંછોકરાંને તો દેશભેગાં કરી આવેલા પુરુષોમય મુંબઈ દેખાતું હતું. મુંબઈ મહિલાશૂન્ય બન્યું! આ પરિસ્થિતિ ખરેખર હાસ્યમય છે. થોડા વખત પહેલાં એક જગાએ વાંચેલી મજાક યાદ આવે છે. પેસિફિક સમુદ્રની અંદર એક નાનાસરખા ટાપુ ઉપર અમેરિકન સૈનિકોનું થાણું હતું. એક વખત એક અમેરિકન સૈનિક, દરજીઓ શો રૂમની અંદર લાકડાની બનાવેલી સ્ત્રી રાખે છે એવી "ટેઈલર્સ ડમી"ને બાથમાં પકડી, નાચતો હતો. એ જોઈ ઇન્સ્પેકશન માટે તાજેતરમાં આવેલા એના ઉપરીએ નવાઈ પામી પૂછયું, 'અલ્યા, આમ કેમ કરે છે?' ત્યારે સૈનિકે જવાબ દીધો, 'શું કરું, સાહેબ! આખા ટાપુની અંદર એક જ સ્ત્રી છે અને તે મારા સાહેબ જોડે છે; એટલે મારે માટે બસ આ જ બાકી છે!' મુંબઈની મહિલા–અછત તો કૃત્રિમ હતી–પણ એ કૃત્રિમ અછત પણ હાસ્યદૃષ્ટિએ કેટલી રમૂજી છે એનો અચ્છો ખ્યાલ શ્રી માણેકે આખ્યાનમાં રસિકતાથી આપી દીધો. મહિલા-

શૂન્ય મુંબઈના પુરુષોની એકલવાઇ અવસ્થાનું બ્રહ્મચારી નારદ વૈકુંઠમાં શ્રીકૃષ્ણ પાસે વર્ણન કરે છે. પુરુષોનો પક્ષ લઈ શ્રીકૃષ્ણ એમ કહે છે કે પુરુષોની આવી દશા માટે સ્ત્રીઓ જવાબદાર છે ત્યાં કોમેડી વધુ રંગ પકડે છે અને શ્રીકૃષ્ણ અને સત્યભામા વચ્ચે આ બાબતમાં તકરાર થાય છે. સત્યભામા સ્ત્રીનો પક્ષ લઇ શ્રીકૃષ્ણની દલીલનો રોષભેર રદિયો આપે છે. પારકાનું ભલું કરવા જતાં, ઘરમાં કંકાસ પેઠો એમ જોઈ શ્રીકૃષ્ણ સત્યભામાને 'મશ્કરી મારી' સમજાવી લઇ સમાધાન કરે છે. આ મહિલાશૂન્ય મુંબઇની ભૂમિકા. વસ્તુ અલબત્ત યુદ્ધ અંગેની પ્રાસંગિક પરિસ્થિતિમાંથી ઉદ્‌ભવ્યું છે, છતાં વિષય એટલો રસિક છે અને કલ્પના-તરંગને એટલો અવકાશ છે કે શ્રી માણેકની કલમ આ વિશાળ પટ પર ઘૂમવા મંડી રસિક વર્ણનો, ચટકદાર શબ્દપ્રયોગો, કટાક્ષો અને સ્ત્રીપુરુષો ઉપર ઠઠ્ઠામશ્કરી કરી આખા આખ્યાનને અત્યંત વિનોદી બનાવી દે છે. અહીંનો હાસ્યરસ બીજા આખ્યાનોની તુલનામાં જેને આપણે Farce ફારસ કહીએ એવો છે. પણ દૃષ્ટિ અને વિષયની નવીનતા ખરેજ આકર્ષક છે. ઉપાડમાં જ પુરુષવાચકોને ગલીપચી થાય એવાં વિધાનો આવે છે,

> પાણો ઉપાડો ત્યાં પ્રેમદા જડતી
> વાટે ને ઘાટે હજાર;
> દીવો લઇને ત્યાં શોધતાં પ્રભુ, આજે
> નથી દેખાતી નાર !

ત્યારપછી લેખક નારદમુનિને ઊંચકે છે. નારદમુનિ આપણાં પુરાણો-કથાઓમાં હળવા હાસ્યનું ઘણું કામ કરે છે. આપણાં રંગભૂમિ પરનાં નાટકોમાં પણ દાતણ ભરાવી ઊભી રાખેલી ચોટલીવાળા નારદજીનું દર્શન હાસ્યરસ પૂરો પાડે છે. એવા નારદમુનિ આ આખ્યાનમાં આવી હાસ્યમાં અભિવૃદ્ધિ કરે એમાં નવાઈ નહિ. પણ લેખક એ નારદમુનિને જ ઊંચકે છે અને એની ઠેકડી ખુદ ભગવાનના મોઢે જ કરાવે છે.

> નારદ મુનિની સુણી આ વાણી પ્રભુ વિમાસે છે મંન
> બાળ-બ્રહ્મચારી નારદનું આજે ફરી ગયું છે ભવંન !

અને ખુદ ભગવાનને શંકા જાય છે કે

મુંબાપુરીની કો માનિનીએ આને માયા છે મોહનાં બાણ
તે વિના સામના ગાન ગાનારાની શે' પત્રટાયે વાણ !

એટલે શ્રીકૃષ્ણ નારદને સલાહ આપે છે કે "હું તો કહેતો હતો કે પરણી લેવામાં સાર—આ ભયસ્થાન ભાળીને જ મે તો સંઘરી સોળ હઝાર !" શ્રી માણેકના હાસ્યફટકામાં આખા પુસ્તકમાં જો સૌથી તેજસ્વી ફટકો હોય તો મારે મન આ ફટકો છે—એ હાસ્યનો ફટકો કેટલો અણધાર્યો, કેટલો ચોટદાર, કેટલો મૌલિક છે ! શ્રીકૃષ્ણે સોળ હજાર પત્નીઓ કેમ કરી એના પર આ એક મૌલિક પ્રકાશ ફેંકાયો !

ત્યારપછી દરેક પુરુષવાચકને મજા પડે એવું સ્ત્રી વિરોધી કટાક્ષમય લખાણ આવે છે—જેનો એક હલકો પ્રકાર "મુંબઈની શેઠાણી" રૂપે ગીતોમાં ઉતારવામાં આવ્યો હતો—કે ગામડાંમાં હતી ત્યારે તો છાણ-વાસીદું, પાણી વગેરે ઢસરડા કરતી પણ મુંબઈમાં આવી પાણીનો લોટો પણ ન ઉપાડે એવી શેઠાણી બની જાય છે. આવા પ્રકારનો કટાક્ષ ગમ્મતદાર, હાસ્યદષ્ટિએ સફળ બને છે ખરો, પણ આને ઉત્તમ પ્રકારનો હાસ્યરસ ન કહી શકાય, કારણકે એમાં રસ મુખ્યત્વે કરીને નિંદાનો છે. બહુ ફાટી ગયેલી સ્ત્રીઓને હવે પાછું ગામડે જઇ વૈતરું કરવું પડશે અને ત્યારે જ એની સાન ઠેકાણે આવશે. જાણે હિટલરે યુદ્ધ પણ કેવળ આ એક હેતુથી શરૂ કર્યું હોય ! શ્રીકૃષ્ણે પુરુષોનો પક્ષ લેવા જતાં, સવળું કરતાં અવળું પડ્યું. સત્યભામા તાડુકી ઊઠયાં. લેખક બીજો એક પ્રસંગોચિત સુંદર કટાક્ષ કરે છે કે 'જેને જગતમાં કોઈ નવ પહોંચે તેને પહોંચે ઘરની વામાકુ."

શ્રી માણેકની શૈલી નેતરની લાકડી જેવી સ્થિતિસ્થાપક હોઈ ઘડીમાં રુક્ષ, ઘડીમાં સુકુમાર બની શકે છે. સત્યભામા રોષે ભરાયાં છે એટલે અહીંયા શ્રી માણેકની શૈલી પણ ફરી અને વાણી રોષની રુક્ષતા ધારણ કરી બરછટ, તોછડી અને ઉગ્ર બને છે.

હાંઉ કરો, હરિ
    ઘણી વગોવી વામ:
ત્રિકાળને તરભેટે કર્યું તમે
    પુરુષ–બુદ્ધિનું લીલામ !

સત્યભામા સ્ત્રીજાતિનું દૃષ્ટિબિંદુ રજૂ કરે છે અને કહે છે કે પુરુષ જ હૂંપદફેરું પૂતળું છે, નારી તો બિચારી છાયા છે.

આડું વેંતરાઈ ગયું એમ જોઈ શ્રીકૃષ્ણ વાત વાળી લેવા સ્ત્રીજાતિના બહોળા અનુભવનો ટેકો લઈ સત્યભામાને સમજાવવા પ્રયત્ન કરે છે અને જાણે છે કે એમાં એક જ યુક્તિ સફળ થઈ શકે અને તે પ્રશસ્તિ અને શરણે જવું તે !

ચૌદ ભુવનનો ભર્તા હઉં,
સચરાચરનો નાથ,
પણ અસ્ત્રી, તમે જાણો જે મારું
હૈયું તમારે હાથ !

આ સાંભળી જો સત્યભામા રીઝે નહિ તો સત્યભામા સ્ત્રી નહિ. ત્રણ લોકનો નાથ, અશરણનું શરણ, પત્નીનું શરણ માગે છે એ પરિસ્થિતિમાં પણ લેખકે સૂક્ષ્મ હાસ્યદૃષ્ટિ દેખાડી છે.

ઇન્દ્ર ને બ્રહ્મા ને તેત્રિશ કોટિ
સૌ મારે આધીન:
તમ પાસે હું, પ્રેમદા કેવો
બની જાઉં છું દીન !

શાણા વાચકો નારદની જેમ સમજી ગયા કે પ્રભુએ નાખ્યો ખુશામતનો પાસો અને સફળ થયા ! આખરમાં સત્યભામા શ્રીકૃષ્ણને કહે છે કે મુંબઈ આગળ જેવું બનાવી દો અને નંદનવન સમી એ નગરીમાં ભલે ફરી ઊડે ઘી–કેળાં !

શ્રી માણેકના મોઢે સ્ત્રી, પુરુષ, કૃષ્ણ, સત્યભામા અને નારદજીની આટલી ઠેકડી થઈ એથી કોઈ સંવેદનશીલ વાચકને આઘાત થઈ આવે

તો લેખક આ આખ્યાનનો નહિ, પણ આખા પુસ્તકનો આશય શ્રીકૃષ્ણના મોઢે કહી દે છે—

તમે નારદજી, કયાં નવ જાણો જે
વિનોદી અમારો સ્વભાવ,
માઠું લગાડો તો મારા સોગંદ!

આ હાસ્યનો લહાવો લઇ કોઇને માઠું લાગે એવો સંભવ નથી. કારણ, આ હાસ્યમાં દ્વેષ, વેરઝેર કે કટુતા નથી. આ આખ્યાનની વિશિષ્ટતા એ છે કે આમાં વાર્તા કે નાટકમાં વસ્તુની ગૂંથણી કરી હોય એમ વસ્તુની અને પરિસ્થિતિની ગૂંથણી છે. બીજા આખ્યાનોમાં કેવળ રજુઆતની ચમત્કૃતિ ઉપર રસાનષ્પત્તિ થાય છે, જ્યારે આમાં પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિ ઉદ્દભવે છે. પારકો પક્ષ લેવા જતાં શ્રીકૃષ્ણ સાંડસામાં આવી ગયા; પણ એમાંથી એણે સ્ત્રીખુશામતનું Secret (જે લગભગ Open Secret) Weapon–છૂપું શસ્ત્ર વાપરી મુક્તિ મેળવી. આમાં સ્ત્રી વિરુદ્ધ આક્ષેપો આવ્યા ખરા, પણ આખ્યાનનું નિરુપણ એટલું ખેલદિલીથી થયું છે કે સ્ત્રીઓ વાંચે તો એ પણ એટલા જ રસથી આ આખ્યાનોનો ઉપયોગ કરે.

વિષ્ણુ–પત્રકાર સંવાદમાં લેખક ફરી રાજદ્વારી વિષય પર આવ્યા. આ આખ્યાનમાં સૌથી વિશેષ આકર્ષણ એનો Suspense હવે શું થશે–વાત શું છે–એવી જિજ્ઞાસા છે. પત્રકારોએ નારદને અરજ કરી– નારદ વિશ્વનો આદિ પત્રકાર !–કે એમને વિષ્ણુ પાસે લઇ જાય. ત્યાં જઈ શું કામ હશે, શું માગશે, શું વાત છે વગરે પ્રશ્નો વિષે જિજ્ઞાસાનો પારો ઊંચો ને ઊંચો જતો જાય છે. નારદ પત્રકારોને પૂછે છે કે શા માટે એને વૈકુંઠ જાવું છે. વૈકુંઠમાં કાંઇ રાજસ્થાનોની માફક કાળાંધોળાં થતાં નથી, ત્યાં વાળ ઊભા થઇ જાય એવી સનસનાટીઓ થતી નથી. તો પછી પત્રકારો શા માટે જવા માગે છે? હા, હા. સમજાયું. શ્રી વિષ્ણુનો ખાસ ફોટો લઈ પોતાના પત્રમાં છાપવા! આ ખરે જિજ્ઞાસા અને કુતૂહલતત્ત્વ આગળ વધે છે.

લેખકના કટાક્ષના એક જબ્બર પ્રયોગ રૂપે આ આખ્યાન નોંધપાત્ર બનશે. છેવટે પત્રકારોની મુલાકાતનો હેતુ એ છે કે શ્રી વિષ્ણુ એવી ગોઠવણ કરી આપે કે એમેરી અને ઝીણા થોડા થોડા દિવસે નિવેદનો બહાર પાડયા કરે, જેથી પત્રકારોને પાનાં ભરવાની મુશ્કેલી ન પડે !

પણ આથીય જબ્બરો પ્રહાર તો શ્રી વિષ્ણુના જવાબમાં છે. એ કહે છે કે એમેરીને હું કહી દઈશ, પણ ઝીણા મારું નહિ માને ! કારણ, હું બહુમતિ (હિંદુ) કોમનો દેવ છું !

આ આખ્યાન પત્રકારોના જીવન ઉપર, એની ગરીબી, એની લાક્ષણિકતાઓ ઉપર વિનોદી પ્રકાશ ફેંકે છે. લેખક પોતાના ધંધાને પણ પોતાના કટાક્ષથી છોડતા નથી એ એની ખેલદિલી કહેવાય.

શ્રી માણેકના દરેક આખ્યાનમાં નવો દૃષ્ટિકોણ હોય છે, જેથી જૂના વિષય જેવા જૂના ઘરમાં પ્રકાશના સંચાર થતાં આખું ઘર ઝગમગી ઊઠે એવું થાય છે. ચમકારો લાવી કોઈ પણ લખાણ લખવું એ પત્રકારના જીવનનો મહામંત્ર હોય છે–વિદ્વત્તા, મૌલિકતા વગેરે હોય કે ન હોય, પણ ઓછામાં ઓછું આટલું તો જોઈએ જ કે પત્રકારનું લખાણ વાંચતાં કંટાળાનો ભાવ ન આવવો જોઈએ. કંઈ નહિ તો એનામાં Old wine in new bottle-જૂનો વિષય નવા લેબાસમાં સજ્જ કરી રજૂ કરવાની શક્તિ હોવી જોઈએ. જૂની વાતને નવા દૃષ્ટિકોણથી, જૂના વિષયને નવા લેબાસમાં દેખાડવાની શ્રી માણેકમાં શક્તિ છે એની ખાતરીરૂપે એમનું 'કામ-વિલાપ' આખ્યાન લઈએ. વસ્તુ પૌરાણિક છે. શ્રી માણેકના દરેક આખ્યાનની નિરૂપણપદ્ધતિ તો પૌરાણિક હોય છે જ. શંકરને વશ કરવા નીકળેલા કામદેવને શંકરે ત્રીજું નેત્ર ખોલી બાળી ભસ્મ કર્યો. તેની પત્ની રતિએ એ રાખના ઢગલા પાસે બેસી હૈયાફાટ રૂદન કર્યું–જે મહાકવિ કાલિદાસે 'રતિ-વિલાપ' રૂપે અમર કર્યું છે–પણ આ આખ્યાનમાં કામદેવનો વિલાપ ગાયો છે. આ દૃષ્ટિકોણ મૌલિક અને નવીન છે. શ્રી માણેકની કળાની એ વિશિષ્ટતા છે કે એ જે લ્યે–રાજ-

કારણ, સામાજિક, ધાર્મિક કે પૌરાણિક–બધામાં એ નવો દૃષ્ટિકોણ દાખલ કરે છે. એક પ્રખ્યાત અંગ્રેજ લેખકે બીજા લેખક માટે કહેલું તે શ્રી માણેકને પણ લાગુ પાડી શકાય "He touches nothing which he does not adorn" જેને એ સ્પર્શે છે એને એ સુંદર સુવર્ણમય–બનાવી દે છે. વાચકની દૃષ્ટિથી પણ લાભ છે. વાચકને પણ કાંઈ નવું જોઈ થાય છે કે ચાલો બે ઘડી ગમ્મત આવશે. જોઈએ તો ખરા, શું છે !

બીજાં આખ્યાનો કરતાં આ આખ્યાનની સાહિત્યદૃષ્ટિએ સૌથી વધારે આવરદા અને યોગ્યતા છે. કારણ, આમાં પ્રાસંગિક એવું કાંઈ નથી. શ્રી માણેકની કવિત્વ શક્તિને પણ ક્ષેત્ર મળ્યું છે :

શરદ – પૂનમની ચાંદની,
તું છેટી રે'જે બહેન,
છેટે, મલયના વાયરા
તું રખે ચડાવે ઘેન !

પિંગળશાસ્ત્ર, કાવ્યપ્રકાશ વાંચી તૈયાર થયેલા કવિની આ વાણી નહિ, પણ કુદરતના ખોળે માથું રાખી સૂઈ આકાશ જોતા નિસર્ગના એક કવિની આ વાણી છે. શ્રી માણેકના આખ્યાનોની નિરુપણપદ્ધતિ કાંઈક આવી છે: પહેલાં વાતાવરણ ઊભું કરે છે, પછી પરિસ્થિતિ સ્પષ્ટ થાય છે, પછી પાત્રો દાખલ થાય છે, પછી એનો નાટ્યતત્ત્વમય ઉપાડ થાય છે. આ આખ્યાનમાં, કામદેવ ફરિયાદ કરે છે કે કળાયુગના લોકો

પ્રાતઃકાળે પ્રેમ કરે ને
કોર્ટે ચડે રાતો રાત !

અને બે જીવ પ્રેમમાં પડે ત્યારે

નાત જુએ નવ જાત જુએ, પણ
એનો નહિ કૈં વાંધો :
જોતાં હોય ફક્ત કે કેવો
છે નિજ દેહનો બાંધો !

આથી સ્પષ્ટ થાય છે કે શ્રી માણેકની પ્રેમ, લગ્ન, સમાજ વગેરેની વિચારસરણી રૂઢિથી અવળી છે. નાતજાત ન જુએ એનો વાંધો નથી, પણ શરીરનો બાંધો તો જુએ એ તો સહજ બુદ્ધિ છે. ત્યાર પછી શ્રી માણેક પ્રેમની હળવા હાથની મીમાંસા કરે છેઃ કળિયુગનો પ્રેમ ક્ષણિક છે, છીછરો છે, "કામ ગયો, પણ રહી કામની છાયા."

એકંદરે બરાબર જમાવટ ન થઈ. કાંઇ બીજાં આખ્યાનોમાં આવે છે એવો ચમત્કૃતિભર્યો ઊથલો કે નિકાલ ન આવ્યો. સુંદર શરૂઆત પછી પરાકાષ્ટા એવી સુંદર ન આવી અને સમાધાનનો ભાગ સંતોષ-કારક ન નીવડયો. કારણ, બીજા આખ્યાનોના હિસાબે આ આખ્યાનમાં વાર્તાના પ્રવાહ કે પ્રગતિ નથી—કેવળ એક નવીન દૃષ્ટિકોણની કટાક્ષમય રજુઆત છે.

આ પુસ્તકમાંનું છેલ્લું આખ્યાન ફરી રાજકારણ ઉપર આપણને લઈ જાય છે. પણ આ વખતે કોઈ તત્ત્વચર્ચા નહિ કરતાં, આધુનિક યુગની એક મહાન વિભૂતિ ઉપર રચાયેલું આખ્યાન છે. વૈશંપાયનને સ્ટેલિનના અંતિમ વિજયમાં અટલ શ્રદ્ધા છે (જે શ્રદ્ધા આ આખ્યાન લખાયા પછી સોએ ટકા સફળ થઈ છે.) પરંતુ છાપાંવાળા રોજ હિટલરની આગે-કૂચના સમાચારો આપ્યે જાય છે. પ્રાસંગિક વસ્તુ ઉપર કળાનું ચણતર કરવું કેટલું જોખમી છે એની સાબિતી આ આખ્યાન આપશે. આ આખ્યાન લખાયું ત્યારે હિટલરની સેના રશિયાની અંદર આગેકૂચ કરતી હતી અને જનમેજયની માફક અનેક વ્યક્તિઓ ચૌટામાં બેસી ઉઘાડા વાંસે તડાકા કરતી હતી કે થોડા વખતમાં રશિયાના ભુક્કા ઊડી જશે. પણ આ આખ્યાન લખાયું ત્યાર પછી પરિસ્થિતિ કેટલી પલટી ગઈ છે! હિટલરને રશિયામાંથી હાંકી છેક એના ઘર સુધી પાછો વાળી આવવામાં આવ્યો છે! સદ્‌ભાગ્યે આ આખ્યાન અત્યારે વાંચીએ તો પણ એટલો જ હાસ્યવિનોદ ઉપજાવે છે. વૈશંપાયન રશિયાના ગામો, લડાઇના કલાકે કલાકના તાજા સમાચારો જાણે રોજ છાપું વાંચી જાણતા હોય એવા સમય વ્યૂહમાંથી હાસ્ય ઉત્પન્ન કરવામાં આવ્યું છે.

સ્ટેલિન–હિટલર યુદ્ધને બંધબેસતું ઉદાહરણ લેખકે મહાભારતમાંથી બહુ જ યોગ્યતાથી વાપર્યું છે. મહાભારત યુદ્ધ અઢાર દિવસ ચાલ્યું હતું એમાં ઘણા દિવસો કૌરવોનો જ જય થયો, પણ 'આખર જીત્યો તે જ ગણાયે જે જીતે આખી બાજી.'

રશિયા ધર્મને માનતું નથી, માટે ભગવાન રશિયાને મદદ નહિ કરે એવી શંકાના નિવારણમાં વૈશંપાયન કહે છે કે સાચો ધર્મ એક રશિયા જ પાળે છે જ્યાં સામાજિક અન્યાયો નથી, જુલમો નથી ને જ્યાં લોકોને અન્નવસ્ત્રના સાંસા નથી. માટે ભગવાન જરૂર રશિયાની સહાય કરશે. પહેલાં બે આખ્યાનોમાં સમાજવાદનો ઉલ્લેખ અને અહીં સ્ટેલિન અને રશિયામહિમા ગાનમાં શ્રી માણેકનો રશિયા તરફનો પક્ષપાત વધુ સ્પષ્ટ બને છે-એ પક્ષપાત ખરી રીતે જોતાં છે રશિયાની વિચારસરણી અને રાજકીય ફિલસૂફી માટે. બીજી બાજુ આ આખ્યાનમાં લેખકના ધર્મ વિષેના વિચારો જે અન્યત્ર સ્ફુટ થયેલા છે તે ફરી દેખાય છે. સાચો ધર્મ પેલા ખ્રિસ્તીઓ કેવળ દેવળમાં જઈ પ્રાર્થના કરી આવે છે એમાં નથી, પણ સામાજિક ન્યાય અને સમાનતા એ જ સાચો ધર્મ છે. માટે જ કાર્લમાકર્સ સંત છે અને સમાજવાદ એક ધર્મ છે લેખક પોતાની કળાનો હેતુ શું છે એ કહેતા હોય એમ કહે છે, 'ધર્મ–ધતિંગ અને રાજ્યોનાં ડિંડવાણા–સૌ સામે મંડાયા છે ભારત મહીં ધિંગાણા !' રશિયાનો સમાજવાદ અને ગીતાનો કર્મયોગ એક જ છે એવું સચોટ વિધાન લેખક કરે છે. પ્રભુ નથી મંદિરમાં, મસ્જિદમાં કે તીર્થોમાં; ધર્મની ખરી ભાવના કર્મયોગમાં છે. રશિયાએ એ કર્મયોગ સિદ્ધ કરી બતાવ્યો માટે લેખકને અને જગતને એ દેશ વન્દ્ય હોવો જોઇએ.

સાત આખ્યાનોની આટલી વૈવિધ્યભરી સમૃદ્ધિ લઈ શ્રી માણેક ગંભીર વિષયોને હળવી શૈલીએ લોકભોગ્ય બનાવે છે એમાં ગંભીર વિષયોની ગંભીરતા ઓછી થતી નથી, ઊલટાની હાસ્યરસની સહાયથી એની સિદ્ધિ સરળ અને સુગમ બને છે. લોકોને ગંભીરપણે કહેલી ગંભીર વાતો ઝટ

યાદ રહેતી નથી, પણ લોકો એને હસાવનારને જલદી ભૂલી શકતા નથી; અને હસતાં હસતાં કહેલું કડવું સત્ય પણ ગંભીરપણે કહેલા મધુર સત્ય કરતાં વધુ સહેલાઇથી યાદ રહે છે. લોકોની રસવૃત્તિ, સંસ્કારિતા અને માણસાઇનું ધોરણ આ આખ્યાનો દ્વારા કંઇક અંશે ઊંચા કરવાનો લેખકનો આશય સફળ થયો છે કે કેમ એમ પ્રશ્ન થાય, તો પણ એટલું કહી શકાય કે આ આખ્યાનોની લોકપ્રિયતા જ એનો જવાબ પૂરો પાડે છે. આ જાતનો સાહિત્યપ્રકાર આપણા સાહિત્યમાં હજી સુધી ખેડાયેલો જોયો નથી. કરુણ ગાન ગાતા જગતમાં હાસ્યરસનું પ્રમાણ એટલું ઓછું છે કે એ દિશામાં થયેલો કોઇ પણ પ્રયાસ આવકારને પાત્ર છે. સામાન્ય રીતે લોકની હાસ્યદૃષ્ટિ, જેટલી કરુણ દૃષ્ટિ કેળવાયેલી છે તેટલી કેળવાયેલી નથી; માટે મોટે ભાગે લોકો ઉચ્ચ પ્રકારના હાસ્યને સમજી શકતા નથી અને કેવળ પ્રહસન, શ્લેષ આદિ હલકા પ્રકારના હાસ્યથી ચલાવી લે છે. જમતી વખતે પાટલે બેસી 'એને પૂરી આપો અને માથે સાંકળ!' એવો શ્લેશ અને પરિણામરૂપ ખડખડ હાસ્ય ન સંભળાય તો એ ગૂજરાતીનું ઘર નહિ. સામાન્ય ગૂજરાતી માણસની હાસ્યદૃષ્ટિ અણકેળવાયેલી છે માટે જ આમ છે. આપણા કંગાળ હાસ્યના સાહિત્યમાં શ્રી માણેક એમના આખ્યાનોથી એક મૂલ્યવાન ફાળો આપે છે અને જો હું રાજા હોઉં તો શેકસપીઅરનાં એક નાટકમાં આવે છે તેમ કહું, "While I am the King of this island, wit shall not go unrewarded"–હું જ્યાંસુધી છું ત્યાંસુધી હસાવનારો માણસ મારા પાસેથી ખાલી હાથે નહિ જાય!

ઉમેદભાઇ મણિયાર

• અનુક્રમ •

અહો રાયજી ! સૂણીએ

૧. રેંટિયાબારસ–માહાત્મ્ય

‘ આટલાંટિક ચાર્ટર ’ હિંદને લાગુ નથી પડતો એવી જાહેરાત ચર્ચિલને મોંએથી સાંભળતાં વેંત ઋષિઓ શ્રી વિષ્ણુ કને એ બાબત ફરિયાદ કરવા જાય છે. શ્રી વિષ્ણુ તેમનું સાંત્વન કરે છે. મુક્તિ કોઈની દીધી કોઈને મળતી નથી; અને કદાચ મળે પણ, તો તે ટકી શકતી નથી. ચર્ચિલના કરુણાકટાક્ષથી નહિ, પરંતુ પૂ. મહાત્માજીએ નિર્દેશેલ કર્મયોગના અનુસરણથી જ ભારત સ્વાધીન બની શકશે એ આ ‘ માહાત્મ્ય ’નો ધ્વનિ છે.

૧. રેંટિયા–બારસ–માહાત્મ્ય

કડવું પહેલું

પરથમ સમરું શ્રી સ્વાધીનતા,
ને દૂજા દીનાનાથ;
વર્ધા–વાસીને વીનવું,
સંગ સત્યાગ્રહીનો સાથ !

રેંટિયા–બારસ–પર્વણી,
તેનું માહાતમ ગાવા મંન:
વીણાધારિણી શારદા,
થાજો મને પ્રસન્ન.

ઊથલો

પ્રસન્ન થાજો શારદા : ગાવાં વિભૂતિ–ગાન :
નિરર્ગળાં ને નિર્મળાં, વાંછુ વાણીનાં દાન !

કડવું બીજું

એક સમે કળિયુગ મોઝાર,
ઋષિજન કરતા હાહાકારઃ
રડતા ને નાખતા નિઃશ્વાસ,
પહોંચ્યા શ્રી વિષ્ણુની પાસ !

નયને નીગળે આંસુ–ધારઃ
ઊંચે હાથ કરે પુકાર :

ઋષિવૃન્દ ઉવાચ

"ધાઓ, સત્વર સારંગપાણ,
ચર્ચિલે વાળ્યો છે ઘાણ !
વળી ગયો ભારતનો દાટ :
ઉપન્યો અમ અંતર ઉચાટ !

આટલાંટિકનાં વલોવી પાણી,
લીધાં કૈંક રતન એણે તાણી !
એક્કેય ભારતને નવ આપે :
દીધો કોલ ધરાર ઉથાપે !

કોઈની લાજ ન ચર્ચિલ રાખે;
કે'છે, હિંદ ભલે નાહી નાખે !

ઊથલો

નાહી નાખે હિંદ, ચર્ચિલ કે'છે, રતન એ શાના માગે ?
ઑગસ્ટ–ઑફર જોઈતી હોય તો લટકે છે આંખો આગે !

ઓગસ્ટ-ઓફર ભણી આંગળી ચીંધીને ઊભો થઈ ચર્ચિલ નાગો!
વહાર કરો, નાથ, હિન્દમયાની, હવે તો વૈકુંઠ ત્યાગો!

કડવું ત્રીજું

ઋષિ–વૃન્દોનાં વચન સુણીને
વિષ્ણુજી ઉચરે વાણી :

વિષ્ણુ ઉવાચ

"આટલામાંહી અમથાં આંખે,
ભરો કાં મુનિવર પાણી!

આટલાંટિકના આઠ રતન પર,
નજરું તમ નોંધાણી :
એ જ તમારી નિષ્ક્રિયતા ને,
આળસ કેરી એંધાણી!

દરીઓ ડોળે દામોદર ને,
રત્ન ખપે ખીમજીને:
ઝેર જમે જગલો, ને જલેબી
જોઈએ છે ભીમજીને!

ભલું થયું જે એ રત્નો,
નહિ ઝળકે ભારત-ભાલે :
માગીત્રાગી શણગાર સજે,
એ કહો કેટલા દિ' ચાલે ?

ભલું થયું જે રત્ન ન મળિયાં,
વિષ્ણુ કહે, મુનિ જાઓ;
નિજ તપબળથી માતૃભૂમિને,
સદ્ય સ્વતંત્ર બનાવો !”

સારંગપાણીની વાણી સુણીને,
ઋષિ-વૃન્દ બનિયા શાંત :
જ્ઞાન થયું: ઉરકેરી પળમાં,
ટળી ગઈ સઘળી ભ્રાન્ત !

પછી વંદન કરી ફરી ફરી પ્રભુને,
પૂછે મુનિગણ એમ :

ઋષિવૃન્દ ઉવાચ:

“નાથ કહો ભારતની મુક્તિ
મેળવવી ઘટે કેમ

એવું કંઈક બતાવોને હરિવર,
ભારતબંધન તૂટે:
'તપ-વૃત-નિયમ ગમે તે ચીંધો,
અમ ધીરજ નહિ ખૂટે !

વિષ્ણુ કહે: ઓ ઋષિગણ ભોળા,
સહેલો ને સીધો રાહ;
એક ચીંધું તે હિંદ ઉપાડે,
તો થઈ જાયે વાહ વાહ !

ભારત આખું સાચાં ઉરથી
રેંટિયા-બારસ રાખે:
એ વ્રતનું ફળ એવું છે
પળમાં આઝાદી ચાખે!

ઊથલો

પળમાં આઝાદી પ્રજા ચાખે ને રાજ્યની થાયે શુદ્ધિ;
ચીરુટ પીતાં ચર્ચિલ કેરી ય પળમાં પલટે બુદ્ધિ!

રેંટિયા-બારસ રાખે ભારત, તો પલટે ચીરુટ-પાણિ:
ભારત આખું નિજ-ભુજાર્જિત, ઉજવે મુક્તિ-ઉજાણી!

નિજ ભુજાર્જિત મુક્તિ ઉજવે ભારત, ફરી દાસત્વ સપને ન દેખે;
કોઇને પરતાપે કોઇ પીર થઈ પુજાય એમાં લાભ નથી લાંબે લેખે!

કડવું ચોથું

વિષ્ણુજી કેરાં વચન સુણીને
મુનિગણ થયાં પ્રસન્ન;
ભીંજ્યા લોચન, ડોલી ઊઠયાં શિર,
બોલ્યાં મુખ: ધન ધન!

મુનિગણ ઉવાચ :

સર્જનગોપ ગણાઓ છો, પ્રભુજી,
આજે લહ્યો તેનો મર્મ:
વિશ્વવિકાસ ન રૂંધાયે; યદિ
વ્યક્તિ પાળે નિજ ધર્મ!

રેંટિયા–બારસના મહાવ્રત કેરો
સમુચિત વિધિ સમજાવો :
થનગનતા ભારતના બાળક
લેવા મુક્તિનો લાવો !"

વિષ્ણુ ઉવાચ :

સ્મિત કરતા કમળાપતિ બોલે,
"વિપ્રો વાત જ ટૂંકી:
આગ તણો તણખો નાનો
દિયે ગંજી ઘાસની ફૂંકી !

આટલો'ક દિવડો ને આવડું અંધારું,
પણ દીવે અન્ધારું હણાય;
આટલો'ક મંત્ર ને આવડી માયા,
પણ મંત્રે માયા ઠેલાય !

દાસત્વદારિણી રેંટિયાદ્વદશી
તેનો વિધિ નથી લાંબો લચ્ચ :
એક જે જોઈએ તે સાફ દાનત છે
બાકી બધું ટૂંકુંટચ્ચ !

ભારતમુક્તિના શસ્ત્ર પરહરવા
જડચેતન સૃષ્ટિની માંહ્ય :
દાસત્વપોષક દાનવજૂથમાંહેથી
એકની યે લેવી ના છાય !

આઠે ય પ્રહર ને ચૌંતેર ઘડીઓ
અખંડ મુક્તિનું રટંન-
મોહનમાં મોહનને જોવા
ને રેંટિયે સુદર્શન !

જિંદગીની માયા પરહરવી,
પરહરવો મૃત્યુનો ભય :
દૃઢ સંકલ્પ લહવો ઉર ભીતર;
ૐ અંતે ધર્મ ત્યાં જય !

ચોવીશ કલાક પણ આટલું આ વ્રત
ચાલિશ કોટિ જો પાળે-
દાસી બનીને મુક્તિ વસે-
નવ અસે દાસત્વ કોઈ કાળે.

૨. પ્રભુના ચોરો

શ્રીનાથજીના ખજાનાની આસપાસ ત્રણેક વરસો પહેલાં જામેલી રસાકસી ઘણાયને યાદ હશે. એ જ અરસામાં અનેક દેવમંદિરોમાં થયેલ ચોરીઓના સમાચારો અખબારોમાં ચમકયા. પ્રશ્ન થયો : પોતાના જ મંદિરોને અને અંગના આભૂષણોને સુદ્ધાં પ્રભુ જાળવી નથી શકતો ? આ આખ્યાન એ પ્રશ્નનો ઉત્તર છે.

૨. પ્રભુના ચોરો

કડવું પહેલું

કમલપત્ર શા કર જોડીને,
ઋષિને પૂછે રાય :

જનમેજય ઉવાચ:

"બહુ દિનથી મુજ અંતરમાં એક,
સળગે છે શંકાય !

વેદ વખાણે ને ગીતા ગાયે,
પુરાણો કરે પુકાર :
અહોનિશ જગનું જતન કરે છે,
જુગતે જગદાધાર !

જલ-થલ-નભને વ્યાપી વિલસે,
ત્રિભુવર વિશ્વાધાર :
એની ઇચ્છા વણ એક તૃણ પણ,
ફરકે નહિ લગાર !

પણ જગ કેરી ઘટના જોતાં,
અવળો ભાસે રંગ;
નથી સચવાતું પ્રભુથી, ઋષિવર,
પોતા કેરું ય અંગ !

નિજની યે રક્ષા કરવાને,
દીસે જે અસમર્થ,
તે જગરક્ષા કરશે એવી,
વાત નથી શું વ્યર્થ ?

આઠ વખત ભક્તોને ઝાંખી,
દેતો દેવ મઝાનો
થીજી રહ્યો શ્રીજીમાં મૂગો :
ધરાર ખૂલ્યો ખજાનો !

ખૂલ્યો ખજાનો ને હાં હાં કરતો,
જોઈ રહ્યો વૈષ્ણવ-સાથ :
રાજભોગ આરોગે નિરાંતે,
બેઠો દીનાનાથ !

ભુજની આશાપુરી અંબા,
ધોળે દિ'એ લૂંટાણી :
ભક્તોની શેં આશ પૂરે જ્યાં,
એની જ આંખે પાણી !

સ્વામીનારાયણના શિખર કેરું,
ઊપડયું કંચન-ઈંડું :
તે દિ'થી મેં તો પ્રભુને નામે,
મૂકયું છે મોટું મીંડું !

પદ્માસન વાળીને પોરે
બેઠા'તા પારસનાથ :
અંગના આભૂષણ ઊપડી ગયાં તોય,
આડા ન દીધા હાથ !

એવાં તો અણગણ દેવો ને દેવીઓ,
રોજ લૂંટાતાં જાય :
શાસ્ત્ર ભાખે : હરિ રક્ષા કરે સૌની,
એ હવે કેમ મનાય ?

ઊથલો

કેમ મનાયે માનવ-મતિથી, કે હરિ છે રક્ષણહાર ?
શંકા નિવારો શિષ્યની, ગુરુજી, તમે છો બુદ્ધિ-ભંડાર !"

કડવું બીજું

જનમેજયનાં સુણીને વચંનજી,
હરખ્યું વૈશંપાયનનું મંનજી:
પછી કરતાં પ્રભુનું સ્મરણજી,
આદરે છે શંકાકેરું શમંન જી.

વૈશંપાયન ઉવાચ:

રહસ્ય-વિષય તમે છેડયો, રાજન,
ધનધન તમારો વિવેક :
અપ્રિય હોયે સત્ય જ વદવું:
ધન ધન તમારી ટેક !

આવી જ શંકા કાકભૂષંડીને
ઉપની'તી એક વાર,
રાવણુહાથે જ્યારે સીતા હરાણી'તી,
ને રામ રોયા'તા ચોધાર !

ગરુડ કને જઈ કાકભૂષંડીએ,
કાઢી'તી ઉરની વરાળ;
ગરુડજીએ તેની સાંત્વના કરી'તી,
એ તમને સુણાવું, ભૂપાળ,

ગરુડ ઉવાચ:

વૈકુંઠે વિલસે શ્રીવિષ્ણુજી ત્યાં એ
લહે શી વિધ જનદુઃખ !
એટલે તો મનુજાવતાર લેવા માધવે,
સોહાવી કૌશલ્યા-કૂખ !

અન્ન ને વસ્ત્ર ને વનિતા ! એ ત્રણ છે,
માનવ-જીવનના આધાર :

સ્વર્ગલોકમાં એનો ટોટો નહિ, તેથી
ત્યાં તો છે થૈથૈકાર !

કાલની કોઈને ચિંતા નથી ત્યાં,
નહિ ઉણપ નામે જરાય,
સંઘરો નહિ ત્યાં ચોરી કેવી, કાક,
કોઈ રંક નહિ, ત્યાં કોણ રાય ?

વૈકુંઠવાસી સૌ એક જ સરખા,
આબાદ ને આઝાદ;
કાકભૂષંડી, તમે માનો કે ન માનો,
પણ વૈકુંઠે છે સામ્યવાદ !

ઊથલો:

સામ્યવાદ છે સ્વર્ગમાં, જ્યાં દુ:ખ મળે નવ લેશ :
અવતરિયા હરિ એટલે, લઈ માનવનો વેશ !

કડવું ત્રીજું

કાક–ગરુડનો આ સંવાદ સૂણીને,
મનમાં વિચારે છે રાય :
મુનિવર આજે લહેરમાં છે તેથી,
ટાઢા પહોરના દીધે જાય !

પ્રણિપાત કરી પછી પૂછે છે રાયજી,
"શંકા શમાવો મહારાજ,

સામ્યવાદસર્જક માર્ક્સ મુનિ તે તો,
જન્મ્યો છે જગમાંહીં આજ !

ત્રેતા યુગ કેરી કથા કહો છો આપ,
જવ થયો'તો રામાવતાર
ગરુડને મોંએ સામ્યવાદ ચર્ચા,
કેમ ગળે ઊતરે લગાર ?"

ઋષિ કહે, "રાય, શંકા છે સાચી,
પણ સાચો છે એનો ખુલાસોઃ
કાર્લ માર્ક્સ કલિયુગે ઊતર્યો તે પહેલાં,
વૈકુંઠે હતો એનો વાસો !

વૈકુંઠવ્યવસ્થા જોઈને જ તેણે
રચ્યો પોતાનો સામ્યવાદઃ "
ખુલાસો સુણીને ખુશ રાય થયો, મુનિ પછી,
આપે એના પ્રશ્નનો જવાબ !

વૈશંપાયન ઉવાચઃ

"ભક્તોને વીંટવાને ચીથરું ન સાંપડે,
ને ભૂષણ શેં પહેરે ભગવાન ?
કણકણ માટે મરે અહોરાત હજારો,
ત્યાં પ્રભુ શેં આરોગે પકવાન ?

કંગાળોના કૂબાઓની ભીંતો ભાંગેલી,
સૂરજચંદર જેવડાં છીંડાં;

સ્વામીનારાયણના શિખર ઉપર,
પછી શેં સોહે કંચનના ઈંડાં ?

ધાનહોણાં છૈયાં કેરાં ધ્રૂસકાં સુણીને
અંતરે બળતી અંબા માડીઃ
શિશુઓના ધાવણ લૂંટી માતા કેરી મૂર્તિને,
કંચનથી મઢતા અનાડી !

માનવો તણી દુઃખઝાળથી દાઝેલા એ
દેવાધિદેવને આજ;
ભૂષણ ભાસે બધાં ભડકા જેવાં ને
સર્પસમા ભાસે સુખસાજ !

રેશમી વસ્રો, ને હેમ–આભૂષણો,
દેવને ગમે નવ દીઠાં;
આરસમંદિર એને અગન શાં લાગે,
ને કાળ સમાં કંચનઈંડાં !

તેથી જ બેપરવા થઈને એ બેઠો છે,
લૂંટાવાને ગરીબોને હાથ....
ચેતે તેને કાળકેરી ચેતવણી આપે છે,
પોતે શ્રી દીનાનાથ !

૨. આઠવલે આખ્યાન

મુંબઇની કોઇ એક ગલીમાંથી એક મૃત શિશુનો દેહ પોલીસને હાથ લાગે છે……

પંચક્યાસ દરમ્યાન "પાપનું પરિણામ" એવા શબ્દો કોરોનર આઠવલે ઉચ્ચારે છે……

આટલું જ છે આ આખ્યાનનું મૂળ.

૩. આઠવલે આખ્યાન

કડવું પહેલું

એકવેળ વાળી પદ્માસંનજી,
બેઠા વૈશંપાયન મુન્યજી,
આસપાસ અનેક મુનિજંનજી,
ઝીલતાં અમૃતશાં પ્રવચંનજી.

અમીસમા ગુરુવચન ઝીલતો,
બેઠો બ્રહ્મસમુદાય,
એવે અભિવંદી આદર થકી,
ઋષિને પૂછે રાય.

જનમેજય ઉવાચ:

મુંબઈ મધ્યે એક કોરોનર,
આઠવલે એનું નામ;
ડોળ્યા કરે નિત ડહાપણ નિજનું
છો ઘેલો ગણે બધું ગામ.

એને અંતર ભ્રાન્તિ મોટી :
દ્રષ્ટા નિજને ગણતો,

સમયાસમયની સાન વિસારી
રોજ ઊંધું કૈં ભણતો !

એક યોગ્યતા અચૂક એની:
નિયમિત ગ્રહે પગાર:
ને એને જોરે એ વીંઝે
નિજ જીહ્વાની ધાર !

સ્ટવ ચેતવતાં, દુર્ભાગ્યે જો,
તરુણી કો દાઝી જાય :
તો એ સ્ત્રીના પરીઆંના પરીઆંને
આઠવલે પીંખી ખાય !

સ્ટવને ભાંડે, ને સ્પિરિટને શાપે,
ને તેલને આપે ગાળ :
ને તે સ્ત્રીની આખી જાતિને
અમથું ચડાવે આળ !"

આટલાં વેણુ સુણ્યાં નૃપના ત્યાં
બોલી ઊઠ્યા ગુરુદેવ :

<u>**વૈશંપાયન ઉવાચ:**</u>

"હા, હા, હું ઓળખુ છું એને
ને જાણું છું એની ટેવ !

પણ જેમ મારગ જાતાં વચ્ચે
કાદવમાં પડે પાય :
છાંટા ઊડે ને અંગ ખરડાયે
તેનો કાંઈ નથી ઉપાય !

રાજતંત્રમહીં થળથળ તેમ જ
પડયા છે પંકવિસ્તાર :
ડગ દેતાં જાળવવું, બીજો
એનો નથી ઉપચાર !

કર્દમ ઉપર ક્રોધ ન કરીએ,
રેતી ઉપર શેની રીસ ?
આડું બાફે આઠવલે તેનો
ધોખો ધરે ન ઈશ !

ત્હોય, આ ફેરે શું ઓચરીઓ
તે સુખે કહો ભૂપાળ;
બ્રહ્મગણ આ જાણે કે કેવો
છે એ બ્રાહ્મણબાળ !

<u>ઉથલો</u> :

સંયમથી શોભે બ્રાહ્મણ–વાણીજી: એને વેદ ને પુરાણે વખાણીજી;
આઠવલેમાં છે કે નહિ એ એંધાણીજી, તે આ બ્રહ્મસમાજ લેશે જાણીજી!”

કડવું બીજું

ઋષિવર કેરાં વચન સૂણીને
વળતાં બોલે રાય;
કોરોનર કેરા કરતૂતને
સાંભળે આખી સભાય !

જનમેજય ઉવાચ :

મુંબઇના કો વિજન–માર્ગમાં
મળી આવ્યું મૃત બાળ;
દુર્ભાગી કો માવડીએ
દઇ જન્મ મૂક્યું તત્કાળ !

અર્ભક મૃત એ કોરોનર–કોર્ટે
આવ્યું ફરતું ફરતું !
" રખે દુભવતાં હું દુખિયાને "
એમ જાણે કરગરતું !

" પણ માનવના અંતર કેરા
મૂગા વ્રણની ભાષા :
રાવબહાદુરો સમજે એવી
રખાય ક્યાંથી આશા !

માવડી કેરું મંન ન માને
જેને સ્તન છોડવતાં–

એ નિજ શિશુને અનાથ પથ પર
મૂકયું હશે કેમ કરતાં !

કો ખંડેરતણા ખૂણામાં,
કો રજની—અંધારે,
રોતી હશે કો બાળ-જનેતા
વલવલતી દુઃખભારે !

હશે પૃથ્વીએ સુણ્યું એનું
રુદન હૈયાફાટ :
ને આકાશ ઉચ્ચરશે, જેણે
જોયો એનો ઝુરાટ !

ઊંચે આભ, નીચે ધરતીમાં,
હશે ન એક સ્વજન :
એવી દશામાં અભાગણીએ
રળ્યું હશે એ રતન !

કો જાણે કિયા હસમુખ મુખડે
ભોળી ને ભરમાવી :
જીવનજ્યોતની આશ જગવીને
દીધી હશે ઓલાવી !

એ મૃત શિશુની યાદ બનીને
અનંત અગ્નિની ઝાળ :

માવડીનું મૃદુ જીગર ડંખશે–
જેમ ડંખે કો વ્યાળ !

એવી દુઃખની પ્રતિમા કાજે
ન્હોયે કઠણ વચન :
હિમ–આઘાતે કરમાઈ કળી–
તેને શેં વહ્નિદહન !

પણ આઠવલે કેરું હૈયું
કો રો ન ર ગી રી ક ર તાં–
કાળમીંઢ શું કઠોર બનીને
ડંખે હ ર તાં ફ ર તાં !

માનવસંસ્કૃતિ કેરી વિફળતા
નોં ધ વ તી શિ શુ કા ય :
ન્યાયાસન સામે હતી, ત્યાં લગી
શબ્દ જ શેં ઉચરાય !

પથ્થર દિલથી જલ ન દ્રવે, યદિ
નવ નીકળે નિઃશ્વાસ;
તો પણ સજ્જન રાખે, સજ્જન
પાસે મૌનની આશ !

વિધિ પણ ત્યાં મસ્તક ઝુકવીને
ઊ ભો ર હે સુ મ સા મ:
પણ એ શાનો શાંત રહે–
જેનું આઠવલે છે નામ !

કટુવચન ઉચરે, શિશુ-ગાત્રે
દે તો જાણે ડામ:
"જુઓ જગતનાં નરનારી, આ
પાપ તણું પરિણામ !"

ઊથલો

પાપ તણું પરિણામ કહીને, કરે આઠવલે અંગુલિનિર્દેશ !
ગુરુજી, કોરોનર-કાળજે શું અનુકમ્પા નહિ લવલેશ ?

અનુકમ્પા નહિ, નહિ આર્દ્રતા, નહિ અકબંધ ઊર્મિનું તંત્ર !
હોય ઊંચે બેસણે બેસી હાંકયે રાખે-ગુરુ આ તે કેવું બખડજંત્ર !

કડવું ત્રીજું

સુણી નરપતિની નિર્મળ વાણીજી:
સૌની આંખો જળથી ભીંજાણીજી:
પછી કરતા જ્ઞાન-પ્રકાશની લ્હાણીજી
વદે છે વૈશંપાયન પુરાણીજી !

વૈશંપાયન ઉવાચ :

વૈશંપાયન પુરાણી વદે
સુણ જનમેજય રાજન,
આર્દ્રતા તુજ ઉરની દેખી
પૂર્વજ થયા પ્રસન્ન !

કોરોનરગીરી કરી કરીને
કાળજું થયું કઠણ—

એવો આઠવલે અવળું બાફે
તેનો શોક ન કરે સજ્જન્ન !

પણ એ બ્રાહ્મણ–સુતને હું વતી
કહેજો એક જ બોલ :
'પુણ્યશ્લોક શ્રીકણ્વમુનિ કને–
આપ તણો શો તોલ !

જ્યાં પ્રાજ્ઞો પગ દેતાં કંપે
ત્યાં મૂરખ ધસે ધરાર :
એ કહેવત પર આપે શું કદી
કર્યો નથી વિચાર ?

વનકુંજોમાં અશરણ રઝતી
શ કુ ન્ત લા ને આ ણી
નિજ દુહિતા કરી કણ્વે સ્થાપી–
થઇ પૌરવની પટરાણી !

એની કુખે જે પુત્ર પ્રગટિયો
તેણે દીધું આ દેશને નામ;
દોઢડાહ્યા કોઇએ નવ કીધું
કે એ પાપતણું પરિણામ !

પાપ શું ને પુણ્ય શું–
તે જાણે એક જદુરાય :
માનવતા નવ છાંડે માનવ
એ જ એનો મહિમાય !'

૪. મહિલાશૂન્ય મુંબઈ

મહિલાશૂન્ય મુંબઇના પુરુષોની એકલવાઇ અવસ્થાનું બ્રહ્મચારી નારદ વૈકુંઠમાં શ્રીકૃષ્ણ પાસે વર્ણન કરે છે. પુરુષોની અત્યારની દશા માટે સ્ત્રીઓ જ જવાબદાર છે એવી શ્રીકૃષ્ણની દલીલમાં સત્યભામા રોષભેર રદિયો આપે છે......અને પછી શ્રીકૃષ્ણ પોતાના અંતરની પ્રેમભીની વાણીના પ્રતાપે સત્યભામા અને નારદ બન્નેનાં મનનું સમાધાન કરે છે......આ છે મહિલાશૂન્ય મુંબઇની ભૂમિકા.

૪. મહિલાશૂન્ય મુંબઈ

કડવું પહેલું

સ્તવું શ્રી સદગુરુ ગાંધીને વળી વંદુ વલ્લભવીર;
સમરું શ્રી સરોજિની માતને જેથી લાધે નિરર્ગળ ગીર !
નિર્મળ નિરર્ગળ ગીર થાજો, રીઝવવા રસિકજનઃ
નારદ–કૃષ્ણ સંવાદ આજે ગાવા કેરું મંન

એકવેળ વૈકુંઠ મોઝાર
વર્તી રહ્યો છે થૈ થૈ કાર !

સોળ સહસ્ર વચ્ચે હરિ ઝમે
તારકવૃંદે જેમ શશિયર ઘૂમે !

ઘૂઘરી ઘમકે ને વાજે મૃદંગ
બ્રહ્મ–રાસનો અદ્‌ભુત રંગ !

નવલખ તારા, ઇન્દુ ને ભાણુ–
થંભ્યા છે લેવા નયનોની લહાણુ !

એવે આવ્યા નારદ ઋષિરાયાઃ
તાલ નિહાળીને રોષે ભરાયા !

રોષ–રાતાં નેણુ કરીને નારદ ઓચરે વચંનઃ

નારદ ઉવાચ :

" ફૂટ રે નાથ વૈકુંઠના તને સૂઝે શેં ગીત–નર્તન !
શેં સૂઝે ગાણું ને નાચણું, પ્રભુ, શેં સોહે આ સખિયુંના સાથ,
દુખનાં ડુંગર તૂટી પડયા છે જ્યારે વલવલતી વસુધાને માથ ! "

કડવું બીજું

સુણી વીણાપાણુની વ્યાકુળ વાણુજી
પડી ગયું બ્રહ્મ–રાસમાં ભંગાણુજી;
પછી દેતા નિજ સ્વસ્થતાની એંધાણુજી
સ્મિત કરતાં વદે છે સારંગપાણુજી !

શ્રીકૃષ્ણ ઉવાચ :

સારંગપાણિ વદે સ્મિત કરતાં, ઋષિ, કહો શેં ઉર દુભાણું ?
અહીં હું રાસ રમું તેમાં પૃથ્વીનું વસ્ત્રી ગયું કિયું દુભાણું ?
જુદ્ધ ચાલે અવનિ માથે તે વાત ન હુંથી અજાણી:
તો પછી એવી ઘટના કઈ છે જેથી અકળાયા છો વીણાપાણિ !"

નારદ ઉવાચ :

નારદ કહે, "સુણો કૃષ્ણુજી કોડીલા–
હું ગયો તો મુંબઈ મોઝારઃ
ત્યાંની દશા નિરખ્યા પછી નયને
વહે છે અશ્રુની ધાર !

ઇન્દ્રાપુરી સાથે હોડ બાંધે એવી
રમણીય એ નગરીની માંહ્ય

જુદ્ધ–પરતાપે જ્યાંત્યાં વ્યાપી છે
ઘેરાં અંધારાંની છાંય !

પાણો ઉપાડો ત્યાં પ્રેમદા જડતી
વાટે ને ઘાટે હજાર :
દીવો લઇને ત્યાં શોધતાં પ્રભુ, આજે
નથી દેખાતી નાર !

સૂની શાકપીઠું, ને સૂનાં ચૌટાં ને
સૂનાં છે દેવભવંન,
સૂની બસો, સૂની ટ્રામો ને સૂનાં
સૂનાં છે સૌ ગાર્ડંન !

ઇન્દ્ર–ધનુષ્યની શોભા આલેખતી
સાડીઓ સહુ સંતાણી;
કંકણના રણકાર શમ્યા, શમી
કોકિલકંઠોની વાણી !

'બ્લેકાઉટ'ના ઘનઘોર અંધારમાં
કરતાં વીજ–ઝગારા
વિલાયા છે પ્રભુ, વનિતાઓના
લોચનના ચમકારા !"

નારદમુનિની સુણી આ વાણી પ્રભુ વિમાસે છે મંન :
"બાળ–બ્રહ્મચારી નારદનું આજે ફરી ગયું છે ભવંન !
મુંબાપુરીની કો માનિનીએ આને માર્યાં છે મોહનાં બાણ :
તે વિના સામના ગાન ગાનારાની શેં પલટાયે વાણ !"

<u>શ્રીકૃષ્ણ ઉવાચ :</u>

એવું વિચારીને કૃષ્ણ કહે, "મુનિ
અચરત મારે મંન :
બાળબ્રહ્મચારી, તમને કયાંથી
લાગી આ સ્ત્રીની લગંન !

મહિલાસૂની મુંબઈ હોય કે, હોય
મ હિ લા—છ લ કા તી !
તેથી શી નિસ્બત તેને, જેની છે
ચિત્તવૃત્તિ બ્રહ્મ–રાતી !

બ્રહ્મચારીપણું તમને નારદ,
કોઈ કાળે નહિ સદે:
ખોટું લાગે તો ખમૈયા કરજો, પણ
મન મારું એમ વદે !

હું તો પહેલેથી કહેતો હતો પ્રભુ,
પરણી લેવામાં સાર–
આ ભયસ્થાન ભાળીને જ મેં તો
સંઘરી સોળ હઝાર !

મારું માનો તો હજુ મુનિ, માંડો પ્રભુતામાં પગલાંજી
મુંબઇમાં મહિલા ભલે ન્હોયે, પણ બીજે બધે છે ઢગલાજી !
કહો તેવી તરુણી દઉં પરણાવી, અબઘડી ઊભાઊભ,
દેવી, જક્ષણી, ગન્ધર્વી, કિન્નરી ને, માનવી તો ખાલી ખૂબ !"

પ્રભુની ઠેકડી સુણીને ખડખડ હસી છે સોળ હઝાર :
(પણ) પગથી માથા સુધી ચડી ગઈ નારદજીને ઝાળ !

નારદ ઉવાચ :

ક્રોધ દબાવીને ઋષિ ઓચરે:
"રાખો રાખો હવે કહાન;
નથી કરવું આ સ્ત્રીઓના દેખતાં
મારે તમારું અપમાન !

વિયોગની વ્યથા તે શું જાણે, જેને
સોળ સહસ્ર છે નારી;
પુરુષોની પીડાને હું જ પ્રમાણું, જેનું
મન સદા બ્રહ્મચારી !

મુંબાપુરીના પુરુષોના મોંઢાં–
તે હુંથી ન જોયાં જાય:
ઊતરેલ ચહેરા, ને સૂઝેલ આંખો:
જોઈ ને આંસુ ઊભરાય !

ગયા રામાઓ ને ગઈ રામાઓ
ને ગયા ઉરકેરા વિસામા !
સાંજ–સવારે ને માઝમ રાતે
આવે છે ઉર ઉધામા !

આકુળવ્યાકુળ અહીંતહીં દોડે,
પણ ક્યાંય ન મનડું ઠરતું,

આઘેને ગામડે ગોરિયું બેઠી,
તેમને ફરી ફરી સ્મરતું !

લાખોને ઉર હરિ, લાહ્ય બળે, તમે
જમાવો રાસનો રંગ–
છોરુ રૂવે ને માવતર માણે
એ તો છે ઊલટી ગંગ !"

કડવું ત્રીજું

સુણી નારદના કટુ વચંનજી
હરિ ફરી વિમાસે છે મનંજી:
ઋષિ–હૃદય પરદુ:ખભંજંનજી:
તેથી ઊઠી છે એને ઉર–અગંનજી !

ઉર–અગંન ઊઠી છે, કાં જે કરુણાળુ મુનિ–સ્વભાવ:
નવ સહેવાયે કોમળ દિલથી અવર ઉરોના ઘાવ !

વૈકુંઠપતિ વિધિસુતનું સાંત્વન
પછી કરે છે પ્રીતે :

શ્રીકૃષ્ણ ઉવાચ:

"તમ જેવા જ્ઞાનીને મુનિ, આવો
મોહ સોહે શી રીતે ?

કર્મને આધીન વિશ્વમહીં સૌ
સચરાચર જડ ચેત :

એની સામે બાખરી બાંધી
શીદ થાઇએ ફજેત ?

કરણી તેવી પાર ઊતરણી:
એમાં મીનમેખ ન થાય:
કર્યાં ભોગવવા સૌને સરખાં—
કોણ રંક, કોણ રાય !

મુંબાપુરીની માનિનીઓ ઘણી
ગઇ'તી નાહક ફાટી:
તો આ દા'ડા જોવા પડયા:
એમાં શું સારું એ ખાટી !

છાણવાશીદાં કરી કરીને
થઇ હોય દેશમાં મોટી–
મુંબઇમાં નવ ઊપડે બાઈથી
પાશેર દૂધની લોટી !

જોજન-વા વનવગડા વીંધી
લાવતી પાણીની હેલ:
એ 'શેઠાણી'થી મુંબઇમાં નવ
પાપડ ભાંગે શેકેલ !

બારે માસ કરે વૈતરું બાપડો
ત્રીશ રૂપરડીમાં માટી:
બાઈનો બરો ન કયાંય સમાયે
જોઇએ એને ઘર-ઘાટી !

હૂતો ને હૂતી–ને દુનિયા સૂતી–
મૌજ કરો મારા બાપ !
ગામડે ડોસાં ને ડગરાં કકળે–
તેના લાગ્યા મુનિ, આ શાપ !

રાંધવામાં બળ પડે બાપડીને–
સાંધે તો સાસુના સંમ !
કામનું નામ પડે ત્યાં વામાને
દેખાયે જાગતા જંમ !

મુંબઈની નારનાં હાડકાં નારદ,
થઇ ગયાં'તાં હરામ:
કુદરત કિન્નો નવ મૂકે કદી:
સૌને ધક્કેલે પાછી ગામ !

સાચું પુછાવો તો જુદ્ધ આખું આ
આવ્યું છે એમને પાપે !
માટીના, ઘાટીના અને ચોપાટીના
ઓરતા હવે આલાપે ! "

કૃષ્ણજી કેરાં વેણ સુણી થઈ
સોળે હજાર સડક્ક !–
'પ્રેમ–સ્વરૂપ પ્રભુ આજે આવડો
શેને થયો છે કડક્ક !'

સવળું કરતાં અવળું પડયું આ,
એમ ઋષિજી મન વિમાસેઃ
સત્યભામા ત્યહીં સ્મિત કરતાં
આવ્યા છે પ્રભુ પાસે!

ઊથલો

સ્મિત કરતાં સત્યભામાએ આવીને ગ્રહ્યો છે પ્રભુનો પાણઃ

સત્યભામા ઉવાચઃ

"રાખો પ્રભુ હવે વામાના વગોણાં–નર હશે સદ્‌ગુણોની ખાણ!
ગુણોની ખાણ હશે પુરુષ, હરિ, ને નારી અનર્થનું મૂળ!
વાંકા વેણ વદી નાહક લજાવો છો ઝળહળતું જાદવ–કુળ!"

કડવું ચોથું

મોઢામાં આંગળી નાખીને નારદ
નિહાળે છે સત્યભામા જીઃ
જેને જગતમાં કોઈ નવ પહોંચે
તેને પહોંચે ઘરની વામાજી!

સત્યભામા ઉવાચઃ

સત્યભામા કહે "હાંઉ કરો, હરિ
ઘણી વગોવી વામઃ
ત્રિકાળને તરભેટે કર્યું તમે
પુરુષ–બુદ્ધિનું લીલામ!

પુરુષને ફેશન જોઇએ તેમાં
શું અબળા કરે બિચારી!

મૂરખના મનને રીઝવવા ફરે
અહોરાત મારી મારી !

ઘરમાં ઘાટી ન હોય તો નરનું
પોઝીશન કેમ થાય:
બીજાઓ 'બસ'માં બેસે તો પછી
આપણાથી શેં ચલાય ?

બૈરીના હાથમાં હાથ પરોવીને
ભાઈને જવું થીએટર;
'ટિપ્સ'ની ના શેં પડાય હોય જ્યાં !
'પુરોહિત' કેરો વેઇટર !

ટેકસી ભાડયા વણ ભરમ સચવાયે ના,
મર તાવડી કરે તડાકા:
ફિલ્મ જોયા વણ કદી નવ ચાલે–
મર થાયે બેચાર કડાકા !

હુંપદ કેરું પૂતળું નર છે:
નારી બિચારી તો છાયા,
ડગલે ને પગલે દોષ નારીનો
શેં કાઢો, સાસુ–જાયા ?"

સત્યભામાનાં મર્મવચન સુણી મરકયા સુંદરશ્યામ !
પછી નારદ સામે નજર ફેંકીને હરિ વદે છે આમ !

શ્રીકૃષ્ણ ઉવાચ :

"આવડાં ઉતાવળાં થઈને રાણી,
તમે લીધો પ્રેમદાઓનો પક્ષઃ
પણ સાંભેલા જેવું સત્ય તે,
શેં ભૂલ્યાં થઈ દક્ષ ?

નારીને બિચારી કહી તમે નિંદી,
એ શું સાચો સિદ્ધાન્ત ?
ઉત્તર દેજો મને માનિનિ,
વિચારી તમારું દૃષ્ટાન્ત !

ચૌદ ભુવનનો ભર્તા કહાવું-
સચરાચરનો નાથ :
પણ અરી, તમે જાણો, જે મારું
હૈયું તમારે હાથ !

ઈન્દ્ર ને બ્રહ્મા ને તેત્રીશ કોટિ
સૌ મારે આધીનઃ
તમ પાસે હું, પ્રેમદા કેવો
બની જાઉં છું દીન !

સૃષ્ટિને હું રમાડું, રમણી,
પણ તમે રમાડો છો મનેઃ
નારી જો સાચે જ અબળા હોય તો,
આવું શી રીતે બને !

પ્રચંડ જેના પ્રભાવ પાસે,
હું, વિરંચી ને ત્રિપુરારી:
ત્રણેયને બાળક બનવું પડયું'તું
તે અનુસૂયા હતી નારી !

આદ્યશક્તિનું રૂપ સુંદરી,
દુર્ગા, ચંડી, મહામાયા !
કોણ કહે છે કે કામિની કેવળ
પુરુષતણી છે છાયા ?

પુરુષને પ્રતિદિન એક જ લગની:
કયમ કરી રીઝે નાર:
નારનો કરાજીપો થતાં બિચારાનો
થાય છે ખારો સંસાર

પુરુષ તમ સ્ત્રીઓનું સર્જન, સત્યભામા,
રાખો સ્વર્ગે, કે નરકે ઉતારો !
મુંબઇની વનિતાઓનો વાંક કાઢયો તેમાં
અવર ન હેતુ કો મારો !

દૂજો ન હેતુ મળે માનિનિ, હું માનું સ્ત્રીને સૃષ્ટિનો સાર !
એ સ્ત્રી પુરુષને નવ સુધારે તો પૃથ્વી જાયે રસાતાળ !"

કડવું પાંચમું

આટલાં વેણ વદીને વિષ્ણુએ
નાખ્યો એક નિસાસોઃ

શાણા નારદજી સમજ્યા કે પ્રભુએ
નાખ્યો ખુશામતનો પાસો!

ખુશામતનો પાસો નાખ્યો પ્રભુએ એની પક્કાઈનો નથી પાર :
બ્રહ્માંડ આખાને એ ભ્રમણે ચડાવે ત્યાં ભામિનીનો શો ભાર!
નિજની પ્રશંસા સુણીને અંતર હરખ્યાં છે સત્યભામા;
પછી નારદ સામે નિહાળીને ગર્વથી વેણ વદે છે વામા!

સત્યભામા ઉવાચ:

"નાથ, હવે આ મુનિવર કેરા
મનની ચિંતા કાપો:
મુંબઇના નર–નારીને પ્રભુવર,
મિલનનું સુખ ફરી આપો!

નરથી વિછૂટી નાર ન સ્હોયે,
જેમ નંગ વણ ન સોહે વીંટી;
સૂત્ર વગર જેમ મોતી ન સ્હોયે,
જેમ વસ્ત્રવણ ન સોહે ખીંટી!

હદ થઇ હરિ, હવે હાંઉ રાખો,
કરો નરનારીને ભેળાં:
નંદનવન સમી એ નગરીમાં
ભલે ફરી ઊડે ઘી–કેળાં!

બાળબ્રહ્મચારી નારદજીએ
નારીનું સુખ નથી દીઠું;

અવરજનોના સુખનું દર્શન
લાગે છે તેથી એને મીઠું !

એ દર્શનથી વંચિત થાતાં
એનું યે કાળજું કપાય,"
સત્યભામાની વાણી સુણી
વીણાપાણિ મનમાં મૂંઝાય !

"ધરમ કરતાં જો આ ધાડ પડી છે–
બન્ને હાંસી ઉડાવે છે મારી!
હું સરખાની યે ફજેતી કરાવે
માથે રહીને મુરારી ! "

નારદ ઉવાચ:

એવું વિચારીને મુનિવર બોલ્યા:
"તમે જાણો શું મુજને ગમાર:
મનફાવે તેમ બોલ્યા કરો છો:
નથી કરતા કાંઈ વિચાર !"

હરિએ જાણ્યું હવે વાત બગડશે:
ચડી ગઇ છે મુનિને રીસ !
રૂખ વરતીને વિભુ બોલે લળી લળી
નામી નારદને શીષ !

શ્રીકૃષ્ણ ઉવાચ:

"તમે નારદજી, ક્યાં નવ જાણો જે,
વિનોદી અમારો સ્વભાવ:

માહું લગાડો તો મારા સોગંદ, મુનિ,
આના સમ, જો, આકળા થાવ !

આપનાં વેણુ કદી અમે ના ઉથાપીએ,
જાઓ, મુંબઇમાં મંગળ વરતાશે:
અદકાં મધુર બની વિરહથી, નરનાર
એકમેકનાં ઉરમાં સમાશે !

થોડો વિયોગ પ્રભુ, નારી ને નર વચ્ચે,
ઉરની આશિષ સમો બનશે:
રહેજ આ કસોટીના દા'ડા વીત્યા પછી,
પ્રણય પુરજોશથી થનગનશે !

ગામડે ગયેલ ગોરી તનમનથી તાજી બની
પુરુષને સ્નેહાસને બિરાજશે:
યુદ્ધો તો જાશે ને આવશે અનેક મુનિ,
પ્રેમનો ના ચરખો બંધ થાશે !"

એટલું ઉચારીને મોરલી છેડી છે,
મલકતે મોંએ ગોપીનાથે:
ઘૂઘરીઓ માંડી છે ધમકવા કરોડ અને,
થાપાં પડી છે મૃદંગ માથે.

રાસ તણી રમઝટ ફરી ચાલવા માંડી,
નારદ રહ્યા છે દંગ જોતા !

મનમાં ને મનમાં ગોવિંદગુણ ગાતા,
ને હરખ કેરા આંસુડાં લોતા !

નારદ ને કૃષ્ણનો સંવાદ સ્નેહભીનો આ
વૈશંપાયને જે છે ગાયો,
સાંજે ને સવારે જે પ્રીતે પાઠ કરશે તેનો
પ્રેમ વધશે દિનદિન સવાયો !

ભેગાં હશે તે કદી જુદાં ના પડશે,
ને જુદાં હશે તે ભેગાં થાશે,
વિયોગની ઘડી જશે વાતમાંહી ગુજરી,
ને પ્રેમની પતાકા ચડી જાશે.

૫. વિષ્ણુ–પત્રકાર સંવાદ

વિશ્વના આદિ પત્રકાર નારદનો એક વાર હિન્દના પત્રકારોને ભેટો થઈ જાય છે……જે પ્રસંગે હિન્દના પત્રકારો પોતાની અનેક મૂંઝવણો વ્યક્ત કરે છે…

૫. વિષ્ણુ–પત્રકાર સંવાદ

<u>વૈશંપાયન ઉવાચ:</u>

વૈશંપાયન ઋષિ એણી પેરે બોલ્યા
"સુણ જનમેજય રાય:
પ્રભુ પાસે પત્રકારો ગયા તે
પ્રસંગની કહું છું કથાય!
અહો રાયજી, સુણિયે!"

ઋષિનાં વેણ સુણીને વિસ્મિત
થયું છે રાયજીનું મન:
ધરમથી જોજન છેટાં છાપાં, શેં
ગયાં હશે વિષ્ણુ–ભવન!

બેઉ કર જોડીને ગુરુને પૂછે, 'ઋષિ,

<u>જનમેજય ઉવાચ:</u>

આશ્ચર્ય વદો છો વાણ!
પત્રકારો ક્યાં, પૃથ્વીના જીવડા!–
ક્યાં રાધાવર રસખાણ!

પ્રભુ પાસે એ જાય શા માટે–
નથી વૈકુંઠ "ન્યૂઝ"નું ધામ–

ઊંધાચત્તી નથી ઘટના ઘટી, જેમાં
        હોય સંડોવાયા શ્યામ !

રાજત્રાસ નથી: વૈકુંઠની વસતિ
        નથી હિજરત કદી કરતી !
નથી **વઢવાણુની** પેર એકાએક
        પ્રભાવતીઓ ત્યાં મરતી !

નથી જુલમ ત્યાં **જોધપુરનો,**
        નથી **હૂરો**નો ત્રાસ,
નથી તાંડવ ત્યાં નફાખોરીનું,
        હાસ્યનો નથી વિલાસ !

નથી **તોબ્રુક્ના** જેવો વૈકુંઠે
        વાળ્યો કોઇએ છબરડો;
કે નથી ઉચ્ચાસન ચડી બેઠો ત્યાં
        કોઇ ગોરા ભમરડો !

નથી ઐતિહાસિક, ઉજ્જ્વળ, ગૌરવ–
        પૂર્ણ કો પીછેહઠ:
જેને પ્રતાપે પૃથ્વી ટળે પણ
        રહી જાય મૂછનો વટ !

નથી નટી જેણે યુદ્ધ–ફાળામાં.
        દીધાં દશ સહસ ચુમ્બન:

નથી મુત્સદ્દી કો ક્રિપ્સ સમો
જેણે દીધાં એટલાં તોડયાં વચન !

નથી કો હિટલર રણરથ લઇને
એના પર ચડી આવ્યો,
નથી વરસાદ વિમાનોમાંથી
બોમ્બોનો વરસાવ્યો !

નથી સરહદના ઝગડા, નથી ત્યાં
મઝહબના વરઝોળા,
રંગ, જાતિ, કે વર્ણભેદ નથી
(જે) જગવે હુલ્લડ–હોળા !

(વળી,) એક ઉપર બીજી કરવાનો તો
ઊઠતો નથી સવાલ:
એ બાબતમાં પ્રભુએ પોતે
પાડયો છે આડનો ચાલ !

ત્રેવડ પ્રમાણે સૌ કોઇ પરણે
એમાં કોઇને ન કશી પંચાતઃ
પૃથ્વીના કરતાં વૈકુંઠ છે જુદું,-ગુરુ,
આપે જ કહેલું સાક્ષાત !

પત્રકારો ત્યાં જાય શા માટે
નવ મને એ સમજાયઃ

ફોટાની વાત કદી કરતા હો તો, ગુરુ,
એની પ્રભુને છે બાધાય !

ઊથલો

ફોટો પડાવવાની બાધા છે પ્રભુને નથી વૈકુંઠમહીં કો સનસનાટી–
પત્રકારો જવા પ્રેરાયે, પ્રભુ, એવું નથી કાંઈ રાખ્યું ત્યાં દાટી !
અખબારી ઝવેરાતનો દાબડો નથી દાટી રાખ્યો તે ઠારઃ
તો શું કરવા સૌ ધોડયા હશે, પ્રભુ, વેવલા વૈકુંઠ મોઝાર ?"

કડવું બીજું

જનમેજયનાં વચન સુણીને
મુનિ–મુખ હરખ્યું અપાર :

વૈશંપાયન ઉવાચઃ

"ધન ધન રાયજી, તર્ક તમારા,
ધન બુદ્ધિ બલિહાર !

(પણ) પત્રકારો પ્રભુ પાસે પહોંચ્યા તેમાં
નહોતી કોઈ અખબારી નેમ :
એ તો ગયા'તા ગોવિંદ કને, રાયજી,
નિજ કાજે માગવા રે'મ !

એ કથા તમને ટૂંકમાં, રાયજી,
કહી બતાવું છું નિરધાર;
શ્રવણ કરતાં કોટિ પાતક ટળે ને
ઉર–આરત ફળે હજાર !

કડવું ત્રીજું

"એક સમે સુત-વિધાતા જી,
હરિ-રસ-રંગે રાતા જી,
ગીત ગાતા ને વીણા વાતા જી,
નારદ ધરા પે ફરતા'તા જી,
પ્રેમ રસ પીતા ને પાતા જી!

પ્રેમ રસ પાતા ને હરિગુણ ગાતા
નારદ ધરા પર હીંડે જી
અંતર પ્રોવાયું લોક-ચર્ચામાં
જેમ, તસ્કરનું મન છીંડે જી!

એવે દીઠું એક માનવ-ટોળું
જે બેઠું'તું ચિંતા-વિલીન જી:
સુકલ શરીરો ને વિકલ વિલોચન,
નીર-વિછોયાં જેમ મીન જી!

નારદજીને કરુણા ઉપની તે
આવ્યાં ટોળાંની પાસ જી!
કોઈ એક જણે એમને લીધા પિછાણી,
પછી વીંટાણા સૌ આસપાસ જી!

એક જણ મોવડી આગળ વધીને
આપવા માંડે વધાઈ જી;

આપે ન મુનિવર, ઓળખ્યા અમને,
(પણ) અમે આપના ભાઈજી !"

વળતાં વીણાપાણી વાણી વદે છે:
સ્મિત મુખ પર મીઠું લહેરે જી

નારદ ઉવાચ:

બ્રહ્માના સરજ્યાં બાંધવ સૌ પણ
કંઈક આંધળું કુટાયે છે બહેરે જી !

મારા પિતાને છું પુત્ર હું એક જ:
ક્યાંથી આ ભાઈ–સમુદાયજી ?
નથી દુર્યોધન નારદ છું હું, ભાઈ,
કંઈક ભૂલ તમારી થાયજી !"

સુણી નારદનાં વચન, એ સઘળા
હસી પડયા ખડખડાટ જી;
નારદ બિચારા એકલા ને અટૂલા
પડી ગયા છે ચાટજી !

પછી પેલો મોવડી નાકે ચશ્મા
ગોઠવતો કાઢે ઉદ્‌ગાર જી;
'કહો મુનિવર શું આપ ન વિશ્વના
સૌથી પ્રથમ પત્રકાર જી;

સમાચાર એ શ્વાસ તમારો
ને પ્રચાર તમારો પ્રાણજી !

મરીમસાલે વાત બહેલાવવી એ
તમ જીવનની લ્હાણુ જી !

પત્રકાર-બન્ધુ અમે તમારા
કદમે કદમે કૂચ કરતા જી;
તમે બ્રહ્મચારી તો અમેય, પુરતા
પૈસા વણ, વાંઢા ફરતા જી !

ટૂંકા પગારમાં પરવડે ઘર નવ
ત્યાં ગૃહિણીની શી વાત જી !
તમારી સ્થિતિને, પ્રભુ, અમે જાણીએ
માંડ પામો દાળભાત જી !

ગરીબીને કારણે તમે લીધો છે, પ્રભુ,
સુખરૂપ આ સંન્યાસ જી;
અમે સંસારને વળગી રહ્યા, પ્રભુ,
સહેવા આ નિતનો ત્રાસજી

ઊથલો

સંસારને ચોંટી રહ્યા, પ્રભુ, સ્હેવા સનાતન ત્રાસ-
આ જે અચાનક ભેટયા, તો એક કાર્ય કરાવી દો ખાસ !

વિષ્ણુ કને તમ અવરજવર છે, એ ઉથાપે ન તમારો બોલ;
એક કામ કરાવી દો સદ્ય મુનિવર, તો વગાડીયે વિશ્વે યશ-ઢોલ !

યશ-ઢોલક પ્રભુ આપનું તે બજાવી ભરીએ ત્રિલોક;
એક કામ કરાવી દો બાન્ધવ કેરું.' કહી મૂકી સૌએ સામટી પોક !

કડવું ચોથું

આર્તવાણી સુણી પત્રકારો તણી
નારદને અતિ ઘણી ઉપજી કરુણા;
એક વેળા ફરી દૃષ્ટિ સૌ પર કરી.
વ્હાવિયા વૈખરી-વાણી ઝરણા !

નારદ ઉવાચ

શાંતતા, સ્વસ્થતા, અચળ સમતોલતા.
આપણા કુળ તણાં છે ઘરેણાં !
હાય ને વોય આ, રીડિયારમણ શા,
દેખશે જગત તો દેશે મેણાં !

લાખ ધંધા હતા, જગતમાં તે છતાં,
પત્રકારત્વમાં કેમ પડિયા !
કોટિ યત્નો કર્યે, ટાળિયાં નવ ટળે,
છઠ્ઠીના લેખ વિધિએ જ ઘડિયા !

ઝંખના ધનતણી, હૃદયમાં હતી ઘણી
તો પછી શેર—સટ્ટા—દલાલો
ક્યાં નહોતાં, જે હાલી મળ્યાં સૌ તમે
પત્રકારો થવા, બાપ, ઠાલા !

લોકપ્રિયતા કદી ઉપર રમતી હતી
રાજકારણ કયહાં નહોતું, યારો !
ચાર છ ચોકુસોને કરી એકઠા
ભાષણો કેરો કરવો'તો મારો !

પક્ષ એક બાંધીને, ગાળ દીધી ગાંધીને:
અરધું કારજ પત્યું, નિમિષ માંહે !
સૌ કહે તેથી કૈં જુદુ કહેવું; છતાં
ના'વવું કાનૂની ભીંસ માંહે !

પત્રકારત્વ ખાંડાતણી ધાર છે:
દીર્ઘ અનુભવ થકી મેં લહ્યું છે:
ઘર વગર; જર વગર, ને ઘરૂણી વગર;
રખડવામાં જ મુજ જીવન વહ્યું છે !

ઘર જર ઘરૂણી વગર વહ્યું એ પત્રકારત્વનો પ્રતાપઃ
આદર્યું તે આટોપવું: તેમાં વિષ્ણુ શું કરશે; બાપ !"

કડવું પાંચમું

નારદજીના વચન સુણીને
પત્રકારો થયા પ્રસન્ન !
મોવડી જે એમનો તે ફરી વદે છે
કરી પ્રભુને વંદન !

અગ્રણી ઉવાચ :

‘ઉપરથી આમ બોલો, મુનિ, ભલે
પણ જાણીએ આપનું મંન:
ત્રિભુવનધણીથીયે વધુ માણો તમે
છો રહ્યા નિષ્કિંચન !

તટસ્થ રહી સૃષ્ટિલીલા વિલોકવી
ને કરવો અન્યાયનો પ્રતિકાર;
ધરમ બિરદાવવો ને અધરમને ડાંભવો;
એનો આનંદ છે અપરંપાર !

ન વૈભવવાંછા, ન જશની લોલુપતા
ન સત્તા–આસનનો ધખારો:
કૃષ્ણ કને પ્રભુ પહોંચવામાં આશય
છે છેક જ અનોખો અમારો !

ઊથલો

અનોખો આશય વૈકુંઠ-ગમનનો જો લઇ જાઓ તો થાય ઉપકાર”
પત્રકારોની એવી વિનતિ સુણીને નારદજી થયા તૈયાર.
સંકલ્પને બળે પછી સૌને પોઢાડયા તે જાગ્યા વૈકુંઠ–ભાગોળ:
ને પછી પોતા પ્રભુ ધામમહીં જ્યાં નર્તે નારી સહસ્ર સોળ !

કડવું છઠું

વીણાપાણીને પ્રભુ નીરખે ને ઊઠીને આપે આસંન !
પાદ પ્રક્ષાલીને પૂજા કરે પછી કાનમાં પૂછે છે મોહંન !

શ્રી વિષ્ણુ ઉવાચ :

"કહો વિરંચિ-સુત ક્યાં થકી આવ્યા
ને આ મૂર્તિઓ કોણ સાથ !
આવડો પરિશ્રમ કેમ ઉપાડયો:
જે હોય તે કહો, કૃપાનાથ !

પ્રભુના વેણ સુણીને નારદે
અગ્રણીને કર્યો ઈશારો :
બે-ત્રણ ડગલાં આગળ વધીને
એ બોલવા માંડયો પરબારો !

અગ્રણી ઉવાચ :

"સત, ત્રેતા ને દ્વાપરમાં પ્રભુજી,
ઋષિમુનિઓ કરતા જે કામ-
કલિયુગમાં તે બજાવિયે અમે:
છે પત્રકાર અમારું નામ !"

સૂરજ ઊગે તેની સાથે દઈ એ
નિત નવા સમાચાર :
લેખો, નોંધો, આન્દોલનો ને સ્ફુરણો,
ભાષ્યો, ભાવનાઓ, વિચાર !

રોજ ઊઠી પ્રભુ, શું લખવું તેની
થાય અમારે પંચાત—
વિપુલ જગ પણ મૌલિક ઘટનાઓ;
માંડ વરસે પાંચ સાત !

થોડાંક વરસોથી બે ભડવીરો, પ્રભુ,
હેતા'તા અમને સહાય.
છાશવારે કંઈક એવું બાફતા'તા
જે પર ભાણ્યો રસપુરણ રચાય !

એક તો એમેરી ને બીજા ઝીણાજી:
એમના બોલોની ગમ્મત હતી ઓર !
નવે રસો એમાં નીતરે સહાયે
ને ઊડે આનંદની છોળ !

એ ઝીણા ને એમેરી આજકાલ
બોલે છે ઓછું અત્યંત :
પત્રો પ્રભુજી તેથી નિરાશ બન્યા છે
ને આનંદનો આવ્યો છે અંત !

રોજરોજ નિતનવા વિષયો પ્રભુજી,
કાઢવા અમારે તે કયાંથી ?
ઝીણા કે એમેરી નિત બોલતા થાય
તો અમે ટળીએ આપદાથી !

મૂગાને વાચાળ કરતા પ્રભુ, તમે:
વાચાળોને કાં કર્યા મૂગા ?
એમની વાચાળતા વધે રોજરોજ
તો અમારે કથરોટમાં ગંગા !"

પત્રકાર-અગ્રણીની વાણી સુણી પછી

શ્રીકૃષ્ણ ઉવાચ :

વિષ્ણુજી ઉત્તર દે છેજી :
"મૂંઝવણ ટળવી જોઇએ તમારી
મન માહરું કે' છે જી !

પણ તે શી રીતે કરવું તે
હુંથી નવ સમજાય જી !
એમેરીને હજુ પહોંચી વળું,
પણ ઝીણાનો નથી ઉપાય જી !

એને કોઈ નવ પહોંચે, મુનિવર,
હું બ્રહ્મા કે પિનાકીજી;
પોતે પોતાનું ન સુણે કે સમજે
પછી રહ્યું શું બાકી જી !

વળી હું કહેવાઉં, ખરો કે ખોટો,
"બહુમતિ કોમ" કેરો દેવ જી !
હું કહું તેથી એ અવળું જ કરશે
એવો એનો અહમેવ જી !

થોડુંઘણું હાલ બોલે છે તે પણ,
મારે કહ્યે નહિ બોલે જી !
મુલાકાત માગીશ કે ઊલટાનો ચડશે,
નાહક હુંપદ-હિંડોળેજી !

ઊથલો

હુંપદ-હિંડોળે ચડશે અમસ્તો નથી જાણતા શું ઝીણાજીનું મૂળ:
પેટ ચોળીને નાહક શું કરવા ઊભું કરો છો શૂળ !"

૬. કામવિલાપ

શંકરને વશ કરવા નીકળેલા કામદેવની શી વલે થઇ હતી એ સૌ જાણે છે. શંકરે ત્રીજું લોચન ઉઘાડીને કામદેવને ભસ્મીભૂત કર્યો અને પછી તેની પત્ની રતિએ એ 'રાખના ઢગલા' પાસે બેસીને હૈયાફાટ રુદન કર્યું. રતિના એ આક્રંદને કાલિદાસે 'રતિ-વિલાપ'માં અમર કર્યો છે...પણ આ આખ્યાનમાં વૈશંપાયને કામદેવનો વિલાપ ગાયો છે. કામદેવને શેનું દુઃખ છે? એ શા માટે કલ્પાંત કરે છે? આ આખ્યાન એનો ઉત્તર આપશે.

૬. કામવિલાપ

કડવું પહેલું

પ્રથમ જગ—સુન્દરી—વૃન્દને
કરું દૂર થકી જ પ્રણામ;
પછી વસંતને વીનવું:
વીરા, નહિ તમારું કામ!

શરદ—પૂનમની ચાંદની
તું છેટી રે'જે બહેન,
છેટે, મલયના વાયરા,
તું રખે ચઢાવે ઘેન!

રતિવલ્લભ, મન્મથ કહો,
કુસુમાયુધ, પંચબાણ,
તે કામ—દેવ—કલ્પાન્તની
કહેવી કથા રસ-ખાણ!

ઊથલો

કામ—વિલાપતણી કથા પદ—બંધ કરવા મન!
વક્તા શ્રોતા ઊભયને થજો પિનાકી પ્રસન્ન!

કડવું બીજું

એક વેળા વૈકુંઠ મોઝાર,
થઈ રહ્યો’તો ચૈચૈકાર !
ગાન્ધર્વોનાં અદ્ભુત ગાન
ત્રિકાલ કેરું ભુલાવત ભાન !

અપ્સરગણની ઘૂઘરી ઘમકે,
જોગન્દરના હૈયાં ચમકે !
લક્ષ્મી, વિષ્ણુ ને તેત્રીસ કોટિ,
સૌનાં ચિત્ત રહ્યાં’તાં ચોટી !

દોડી આવ્યો એવે તે ઠામ,
એકાએક અવનિ થકી કામ !
કરગરે ને કરે કલ્પાંત,
“દયા કરો ને, કમલાકાન્ત !

ઊથલો

“દયા કરો હું દીનનો વળી રહ્યો છે દાટ !”
એવું કહી, ગ્રહી વિષ્ણુનાપદ, રૂવે રૂદિયા ફાટ !

રૂદિયાફાટ રતિપતિ રૂવે નેવાં વહે છે નેણુઃ
પછી સાંતવન કરતા કુસુમાયુધનું શ્રીહરિ વદે છે વેણુ !

કડવું ત્રીજું

વિષ્ણુ ઉવાચ:

"દેવ થઈને માનવ પેરે
 વહવો આંસુ, અનંગ !
એવી આફત કહો શી ઊતરી જે
 આકુળવ્યાકુળ અંગ !

જગ આખાનું હસવું ને રડવું
 છે એક તમારે હાથ:
તમે ઊઠીને આમ ઢીલા બનો એ
 શેં સોહે રતિનાથ !

શાંત થઈને ભાખો વીરા,
 દુઃખનું કારણ શું છે ?
ફરી ત્રિલોચન કેરું લોચન
 ત્રીજું શું ઊઘડ્યું છે !

કે કોઈ સંતમહંત તણી
 છોડવતાં બ્રહ્મ–સમાધિ,
વળગી ગઈ છે, વીરા, દારુણ,
 શાપની મહા ઉપાધિ !

કે શું ગાંધીજી કેરા બોધે,
 જગ બનિયું બ્રહ્મચારી ?

ને આશ્રયસ્થાન નથી રહ્યું એટલે
તેની આ લાચારી ?

જેવી હોયે તેવી વીરા,
વાત કહો પેટછૂટી,
તેત્રીશ કોટિ બેઠા છે ત્યાં
જડશે કો જડીબૂટી !

ઊથલો

પેટછૂટી વાત કહોને, વીરા, હાજર આ તેત્રીશ કોટિઃ
તત્પર તમને સંઘરવા, શું, કરશે એ લંગોટી ?"

કડવું ચોથું

કમળાપતિના સુણીને વચંનજી
વળી શાતા મન્મથને મંનજી,
પછી વિલોકતા સર્વે સુર–જંનજી !
ઠલવે છે નિજ–ઉરનો અગંનજી !

કામદેવ ઉવાચ :

મન્મથ કહે સુણો વિષ્ણુજી,
મારા દુઃખનો નહિ પાર :
આટલાં વીતક વીત્યાં નથી
દ્વાપર ત્રેતા કે સત મોઝાર !

પૂર્વે કોઈએક ઋષિવર કેરા
  અઓટ અંગ મોઝાર
માંડ કરીને માર્ગ મેળવતાં,
  આનંદ થતો અપાર !

મુક્તિ કાજે મથતા મુનિવર
  તપ તપતા વન માંહ્ય :
અકળાતો ઇન્દ્ર જાણે અબઘડી
  ઇન્દ્રાસન મુજ જાય !

પાઠવતો પરીઓને મુનિનું
  મન ચળાવા કાજ;
સંગાથે સંચરતો સાહ્યે
  વસંત ખટ—ઋતુ—રાજ !

સંવત્સર સંવત્સર સુધી
  મચતાં ઘોર ધિંગાણાં :
પછી મુનિવરના સંયમ–ગઢમાં
  પડતાં કોમળ કાણાં !

ને હું એ વપુમાં સંચરતો
  સજીને પાંચે બાણ :
પછી મહેફિલ ઊડતી'તી મોજની–
  શાં કરું એના વખાણ !

અવળી ગંગા વૈ' છે આજે:
વાંછે મને વિત્તહીન :
છોકરાં યે વાંછે ને ડોકરાંયે વાંછે
ને વાંછે દુઃખિયાં ને દીન !

રોગિયા ને સોગિયા, ભોગિયા ને જોગિયા
સૌ ને મારી લાહ્ય :
એહ ચડેલાં હાડપિંજર તે યે
રતિરંગ રમવા ચાહ્ય !

નાત જુવે નવ જાત જુએ, પણ
એનો નહિ કૈં વાંધો :
જોતાં હોય ફક્ત કે કેવો
છે નિજ દેહનો બાંધો !

મૂગે મોંએ સાંખત હું આ
કળજગ કેરો ઉપાડો :
કરતા હોત ન જો પછી મારો
જાહેર જગે ભવાડો !

મોટે ઉપાડે તેડે મુજને :
નભાવવાની ન વાત :
પ્રાતઃકાળે પ્રેમ કરે ને
કોર્ટે ચડે રાતોરાત !

પ્રેમદા કેરી પાનીએ રૂમઝુમ
પાંગરતો હું પૂર્વકાલ :
પેપરને પાનીએ ચડવું પડે મારે-
એવા છે આજે હાલ !

પેપરવાળા તો મને પીંખી નાખે :
મોટાં મથાળાં છાપી :
છોકરાં-છોકરીઉનો જાણે વાંક જ ન્હોયે
હું એક હોઉં જાણે પાપી !

દેવ-દુલારો ને જોબનનો દીવડો
રતિરાણીનો નાથ !
જગ-બત્રીશીએ આજ ચવાતો :
કંઈક કરો કૃપાનાથ !

ઊથલો

"કંઈક કરો કૃપાનાથ ! નથી ખમાતું દુઃખ"
એવું કહી રતિપતિ રૂવે નીચું ઢાળી મુખ !

કડવું પાંચમું

કૃષ્ણજી કે' છે : " અનંગ, વીરા,
આંખ ભર્યે શું થાય:
કર્મને આધીન બનવું સૌને
કોણ રંક, કોણ રાય ?
સૃષ્ટિના આદિ સમયથી રતિપતિ
રંગ રમંતા આવો

તેનું સુખ જો માણ્યું, તો આનુ
દુઃખ સહતાં શીખી જાઓ !

દાસત્વભારે પ્રજા દબાઈ
વીસરી સારાસાર :
યથાવિધિ તમ આરાધનનો
ક્યાંથી જાણે પ્રકાર ?

યુગનો ભૂખ્યો અન્ન દેખી જ્યમ
અકરાંતિયો થઈ ધસતોઃ
દેહ સહે તેથી દશગણું ઉદરે
ઓરીને ચરણો ઘસતો !

તેવું જ આજે સૌ વિષયોનું:
સંસ્કૃતિ વકરી આજે;
વણ અધિકારે વિલાસ જોઇએ
સૌને માનવસમાજે !

સુન્દરી આજે સુન્દરી નથી, પ્રભુ,
વીર નથી રહ્યા વીર....
શોથાં છે એમ સૌ સમજે છે–
ફેંકે ગણીને તીર !

જેવા વીર તેવી વનિતાઓ
તેવો જ તેમનો પ્રેમ :
તમ નામે સૌ રળી ખાએ....પણ
પિત્તળ ન થાયે હેમ !

દેવ માત્રની આ જ દશા છે
આજે દુનિયા માંહ્ય :
ઠાકર ગયાં ને રહ્યાં ઠીકરાં
જે સર્વત્ર પૂજાય !

એ અવળી પૂજાનો અપજશ
આપણે માથે ચડે છે :
ભોગ આરોગે ઠીકરાંના ઠાકર
ને ચોકડાં અહીં પડે છે !

આ અન્યાયનો દેખું, વીરા,
એક અમોઘ ઉપાય :
ભૂલોકેથી ભીનું સંકેલી
સ્વર્ગે થાઓ વિદાય !

મેં પોતે પણ એ જ લીધો છે
પીછેહઠનો રસ્તો :
તેથી જ તો વ્રજમંડળ છોડી
વૈકુંઠમાં રહું વસતો !

ઊથલો

વ્રજમંડળ ત્યાગી વૈકુંઠ વસ્યો હું તેનું આ છે સાચું કારણ !"
કૃષ્ણવચન સુણી કુસુમાયુધને હૈયે વળી છે ધારણ !
તે દિવસથી એણે તજી દીધી છે ભૂલોક કેરી માયા :
વૈશંપાયન કહે: કામ ગયો ! પણ રહી ગઈ કામની છાયા !

૭ સ્ટેલિન આખ્યાન

જનમેજયનું મન શંકાશીલ બન્યું છે...વૈશંપાયનને સ્ટેલિનના અંતિમ વિજયમાં અટલ શ્રદ્ધા છે...પરંતુ રોઇટર તો રોજ-બ-રોજ હિટલરની આગેકૂચના સમાચારો આપ્યે જાય છે. ત્યારે સાચું કોણ? વૈશંપાયન કે સ્ટેલિન? કે પછી સ્ટેલિન તરફથી તેમને એકાદ-બે ગામ દક્ષિણામાં મળ્યાં છે એવી લોકવાયકા? કે પછી મહર્ષિની 'સાઠે બુદ્ધિ નાઠી' છે?

૭ સ્ટૅલિન આખ્યાન

પદ-પંકજ ગૃહી મુનિવર કેરા
મહિપતિ પૂછે વાત :

જનમેજય ઉવાચ:

"વાંકો વાળ ન થાયે રૂસનો
તમે કહેતા'તા, તાત !

હાં હાં કરતાં કીવ પડ્યું ને
લેનિનપુરી ઘેરાણી:
બુડેનીની માર્શલ—મૂછોનું
ઊતર્યું આખર પાણી !

કહેતા'તા કાંકરી નવ ખરશે
સ્ટૅલિન-વ્યૂહ છે પાકો:
લેનિનગ્રાડને ક્રિમિયા લગી તો
પૂગ્યો છે હિટલરકાકો !

સોનલ-દેશ યુક્રેન સમો ત્યાં
સ્વસ્તિક-ધ્વજ વિલસંતો;
રશિયા તો રોળાવા બેઠું
રહ્યો સ્ટૅલિન હાથ ઘસંતો !

મોંમાંથી કાઢંતો ઘડી ઘડી,
ધુ મ્ર ના ગો ટે ગો ટા,
ચીરૂટપાણી ચર્ચિલ છેટે
ઊભો ઊભો કરે હાકોટા !

આટલાંટિકને ઓલે કાંઠેથી
જોતો જગની હોળીઃ
રીડિયારમણ કરે છે રૂઝવેલ્ટ
મારો મારો મુખ થકી બોલી !

ભડભાદર છે રૂસની રૈયત
એમાં નથી મીનમેખ !
પણ વણ મદદે ભાંગી પડે
એવા લાગે છે વિધિના લેખ.

તોય તમે મુનિ દીધે રાખો છો કે
અંતે સ્ટેલિનની ફતેહઃ
એંધાણી એકકે ન દેખાયે ને
તમને રશિયા શું નેહ !

ખમેયા કરજો ગુરુવર, મુજને
લાગે છે કે ભૂલો આપ,
કે પછી પામ્યા કો દક્ષિણા મોટી
તેનો છે આ પરતાપ :

શુણ સ્ટેલિનના ગાઓ, ગુરુજી,
 તે દક્ષિણાનો પરતાપઃ
પડું પડું રશિયા થઈ રહ્યું તેને
 ક્યાં લગી થોભશો બાપ !

કેટલા દહાડા અગ્નિ નભે જે
 પ્રગટે સળગતાં દાભઃ
ત્યાં શાં થાગડ-થીગડાં ગુરુજી,
 જ્યાં ફાટ્યું આખું આભ !"

કડવું બીજું

જનમેજયના સુણીને વચંનજી.
 હરખ્યું વૈશંપાયનનું મંનજી;
પછી શિષ્યનું કરતાં સાંતવંનજી,
 ધીમે સાદે વદે મુનિજંનજી !

વૈશંપાયન ઉવાચઃ

મુનિજન વદતાઃ "ધન ધન રાજન
 ધન તમારો વિવેકઃ
સત્યોચ્ચારણ સદા તમારા
 પૂર્વજ કેરી ટેક !

વડીલ હો, વિદ્યાગુરુ હો,
 કે હો વિભુવર સાક્ષાતઃ

કડવી કે મીઠી લાગે પણ
સાચી બોલવી વાત !

દેખો છો તેવું ભાખો છો,
પરીક્ષિત કેરા તન;
પણ અણદીઠ અનેક શક્તિઓ
કાં ભૂલો રાજન !

મન્દ છતાં મક્કમ ડગ ભરતો
હિટલર વધતો જાય;
કીવ પડયું, યુક્રેન ગયું તેની
હું કયાં કહું છું નાય !

ઓડેસા અણનમ ઊભું છે
તે ય કદાચિત પડશે;
ને લેનિનપુરી કેરા કોટ કદી
ધૂણીને ધરણી ઢળશે !

આગળ પાછળ મૂકે સોગટાં
ચાલે ચાલ નવા જીઃ
(પણ) આખર જીત્યો તે જ ગણાયે
જે જીતે આખી બાજી !

પૂર્વે મહાભારત યુદ્ધ ચાલ્યું
પૂરા દિવસ અઢારઃ

ને આખર વર્ત્યો'તો પાંડવ-
પક્ષનો જય જયકાર !

પણ એકકેક દિવસ તણું કાઢો
કદી જુદું સરવૈયુંઃ
ધર્મ-પક્ષની હાર નિહાળીને
બેસી જ જાયે હૈયું !

ખટ કોઠા એકકેક કરીને
જીત્યો અર્જુન-તનઃ
મુતો સાતમે સોડ તાણીને
એ વાત વિચારો મન !

આ નવભારતમાં છોને નિત
સ્ટેલિન પામે હારઃ
નાઝીપતિ થશે નષ્ટ આખરે
એવો છે કોઠે કરાર !

ઝીકયેં જાય મર ચર્ચિલ ચિરૂટો,
ને મર કરે રૂઝવેલ્ટ રીડઃ
ભક્તાધીન ભગવાન ઘોડશે
ભાળી રૂસની ભીડ !

ઊથલો

ભીડ ભાળી સ્ટેલિનની દોડશે દીનાનાથ

નાઝી—પતિના તે ઘડી પડશે હેઠા હાથ !"

કડવું ત્રીજું

ઋષિ-વાયક સુણી રાય વિમાસે,
આ શું બોલ્યા ભટ્ટ
કાં વિજયાનું ઘેન ચડયું છે,
કાં સાઠે બુદ્ધિ ચટ્ટ !

પણ વાણીમાં વિનય ભરીને
ગુરુને પૂછે છે રાયઃ

જનમેજય ઉવાચઃ

"આપતણા વચનોનો મર્મ તે
મેં થી નવ સમજાય !

કયાં રશિયા ને રામકૃષ્ણ કયાં
કયાં સ્ટેલિન, કયાં શ્રીશ !
પ્રભુ-વિરોધી કયાં સામ્યવાદ,
કયાં શ્રીદ્વારિકાધીશ !

તમે કહો છો રશિયા કેરી
બીડ બાળી ભગવાન—
અણુવાણે પગ ઊડશે ત્યારે
હિટલર થશે હેરાન !

પણ રશિયાને ને પ્રભુને, ગુરુ,
શું છે સુતક સ્નાન:
કે જેથી એની ખાતર
એ નાહક થાય હેરાન !

ધર્મને ધતિંગ લેખે લેનિન,
સ્ટેલિન શાસ્ત્ર ન માને:
કાર્લ માકર્સના મુરીદ બધા
નિરમાયા ખુવાર થવાને !"

રાયજીનાં આવાં વેણ સુણીને
ઋષિ મન વિસ્મિત થાય:

વૈશંપાયન ઉવાચ:

"તમ હાથે સુત પરીક્ષિત કેરા
સ્ટેલિનને થાય અન્યાય !

આ કલિકાલમાંહીં જો કોઈએ
હરિની ભક્તિ સાધી,
તો એક રૂસની રાતી પ્રજા ને,
બીજો છે હિંદનો ગાંધી !

ઊથલો

રૂસતણી રાતી પ્રજા તે સાચી હરિની દાસ,
મર્મ ન સમજે કોઈ તે, સમજાવું હું ખાસ !

એ મર્મને એક હું જાણું છું ને બીજા જાણે પિનાકી !
કંઈએક જાણે છે વ્રજકેરી ગોપી ને કંઈક શિરાઝના સાકી !

આજ ભલે હવે જગ બધું જાણે નાખું ખોલી બધો ભેદ !"
એવું કહી ઋષિ કથવા બેઠા જાણે ભણે છે પાંચમો વેદ !

કડવું ચોથું

પછી જગતની સંધ્યા ટાણેજી,
ઋષિ ઊપડે રશિયા–ગુણ–ગાણેજી:
જે જૂના ધર્મને નવ જાણેજી,
હરિ તેને કયમ ભક્ત પ્રમાણેજી !

ઊથલો

તેને ભક્ત પ્રમાણે કયમ પ્રભુજી, જેને માન્ય ન એક્કે ધર્મ:
પછી પરીક્ષિત–તનની શંકા વિદારવા ઋષિ સમજાવે છે મર્મ.

વૈશંપાયન ઉવાચ:

વૈશંપાયન ઋષિ એણીપેર બોલ્યા
સુણ જનમેજય રાય,
વિસ્તારી તુજને સંભળાવું
રશિયા–ધર્મ–મહિમાય !

શ્રી હરિએ સમજાવ્યો રણમાં
અર્જુનને સમતા–યોગ :
તે કાળે કરીને નષ્ટ થયો
જ્યારે પલટાયા સંજોગ !

એવી જ રીતે ગિરિ–પ્રવચનના
આદેશો વિસરાયા;
ઈસુ યુરોપમાં ચડયો શૂળીએ
ને રહી ખ્રિસ્તની છાયા !

પેગમ્બરો ને ઋષિઓ–સૌએ
ચીંધી મુક્તિ–વાટ :
તે છોડી જગ આગળ ચાલ્યું
ને ઉપજાવ્યો ઉચાટ !

જનમ–ફકીરીવ્રત લઈ ફરતો
કયાં અમર એ મેરી–નન્દ !
કયાં માનવના રક્તે ખરડયાં
સામ્રાજ્યોના ફંદ !

ધર્મ ગયો ધરણીતલ માંહીંથી
ને રહ્યા ધતિંગ–ધુમાડાઃ

સદાચરણનો સૂર્ય છૂપ્યો, રહ્યા
અનાચરણના અખાડા !

ધર્મમંદિરમાં પાતક કેરી
થઇ ગઇ પ્રાણપ્રતિષ્ઠા;
પ્રભુ–અંતરનીય તેથી ઊઠી ગઇ
ધર્મમાંહીંથી નિષ્ઠા !

દિવાસળી સૌ સળગે ને ખાલી
રહી જાય બાકસ ખોખાં;
રૂડો રેંટિયો તૂટી પડે ને
લડબડે વ્યર્થ મલોખાં !–

લોપાતા તેમ ધરમનો આત્મા,
રહ્યાં આચારનાં ખોખાં–
ઝબકી જાગ્યો : જદુપતિ ત્યારે
જે ખાતો'તો ઊંઘમાં ઝોકાં !

પછી તો ધર્મ–વિશોધન અર્થે
પ્રભુએ ખંડેખંડ,
નવ–પેગમ્બર–ગણ પાઠવિયાં
જેથી જાગે બંડ પ્રચંડ !

મહર્ષિ માર્કસ ઊતર્યો યુરોપે
લઇ ક્રાંતિની મશાલ;

પણ સત ધર્મની દીક્ષા દેતા
એના થઇ ગયા હાલહવાલ!

પણ એણે મૂકી જે ચિન્ગારી
તે ભભૂકી થઇ મહાજવાળ,
એના મંત્રોચ્ચારણથી ડગ્યાં
જગના :જડ-ધર્મ-પાલ!

પછી તો 'ગોરકી' ને 'શૉ' જેવા
સાહિત્યર્ષિ અનેક
ઝૂઝ્યા જગતની જડતા સામે
લઇ નવવિધાનની ટેક!

લેનિન-સ્ટેલિન ને બુખારીનને
ટ્રોટસ્કી ને ટોલસ્ટોય.
કેડ બાંધી સૌ કૂદી પડયા
જાણે જગની જડતા ધોય!

હિંદ મહીં પણ અમર ત્રિપુટી
મોકલી નાથે એક,
જેણે ધર્મની જડતા હણવા,
જ ગા વિ યો આહલેક!!

બ્રહ્મર્ષિ ગાંધીજી, દૂજા
ર સ ર્ષિ ટા ગો ર,

ત્રીજા રાજર્ષિ જવાહીર
જે ભારતના ચિત્તચોર !

ધર્મ—ધતિંગ અને રાજ્યોના
અનર્થકર ડિંડવાણા !
સૌ સામે આ ત્રિપુટીએ માંડયાં
ભારત મહીં ધિંગાણા !

પ્રાચીન ચીન માંહીંયે ચમકયા
સુન–યાટ–સેનથી માંડી
ચાંગ સુધી—જે સૌએ ચાંપી
જુનવાણીમાં ટાંડી !

પણ એ સૌના કાર્યો કેરું
ઉજ્જવલ જો પરિણામ
આવ્યું હોય તો તે કેવળ
એક રશિયા કેરે ઠામ !

બીજે તો જનતાની જડતા
ને રાજ્યની બળજોહાકી,
એ બે પાસે નવકાન્તિના
બળ સહુ સૂતાં થાકી !

ભારતીઓએ પૂજ્યા ટાગોર
ને પૂજ્યા જવાહર–ગાંધી;

પણ એ સૌના જીવનમંત્રને
રાખ્યો પોથાંમાં બાંધી !

શાહબાશીના શબ્દો પુકારે
ને કરે દંડવત પ્રણામ;
પણ નવ મંત્ર પ્રમાણે જીવન
જીવવાનું લે નામ !

એક જ રશિયા એવું હતું
જ્યાં કોટ્યાવધિ નરનાર
માર્કસ-દીધ મુક્તિ-મંત્રોને
ઝીલવા થયા તૈયાર !

એ મંત્રોને કાજે એણે
વહોરી વિરાટ ખુવારીઃ
બત્રીશા બહુ હોમી હેતે
યુગ—આરતી ઉતારી !

અન્ન-વસ્ત્ર-આનંદ-ભવન પર
સૌને છે અધિકારઃ
પરને સંતોષ્યા વણ ખાયે
તે પાપ તણો અવતાર !

એ ગીતામૃત કેરી નૂતન
માર્કસ—કથિત આવૃત્તિ

જીવનમાંહીં ઉતારી રૂસે
મેળવી પ્રભુની પ્રીતિ !

નથી મંદિરમાં, રહેતો પ્રભુ ને
નથી રહેતો ગિરિજા–ઘરઃ
નથી મસ્જિદમાં, મકબરામાં નથી,
નથી તીર્થોની અંદર !

પ્રભુ તો માનવીના અંતરમાં,
તેની પૂજા ત્યાગી,
જગ આખાની જડતાએ હાથે
દારુણ દુઃખ લીધું માગી !

એ જડતાને ક્રાન્તિની ઝાળે,
સ્ટેલિને સળગાવીઃ
એ જ રાયજી, સ્ટેલિન કેરા,
ભક્ત–હૃદયની ચાવી !

રશિયા એક બનીને ઊભું,
સ્ટેલિન કેરી સહાયેઃ
હિંદ હજુયે ડરતું ઊતરતાં,
ગાંધીજીને ઓછાયે !

એ જ ભેદ છે રાયજીઃ પૂછે
હિન્દ ધરમની શોધઃ

કર્મયોગ-રત થઈ રશિયાએ
સોહંચ્યો સ્ટેલિન-ઓથ !

એ જ હક્ક છે રૂસ-પ્રજાનોઃ
કયમ ન ચડે પ્રભુ વારેઃ
સદ્ધર્મને સમજે તેને
કેમ પ્રભુ ન ઉગારે !

અત્યારે તો થઈ રહી કપરી
રૂસ—પ્રજાની કસોટીઃ
પણ એક દિ' હિટલરને રાયજી,
લેવાં પડશે દોરો-લોટી !

ઊથલો

દોરો-લોટી લઈ હિટલર નાસશે-જ્યારે રૂઠશે સુંદરશ્યામઃ
તે દિ' એની કને એક લંગોટી પણ રહે તો-મારું વૈશંપાયન નવ નામ!